

GCERT

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# ભાષાદીપ

## ધોરણ - 7



# ભાષાદીપ

## ધોરણ – 7

## (સ્વ-અધ્યયનપોથી)

## વર્ષ : 2019-20

વિદ્યાર્થીનું નામ : ______________________________

શાળાનું નામ : ______________________________

ગામ / શહેર : ______________________________

તાલુકો : _______________ જિલ્લો : ______________


ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## : માર્ગદર્શક :

**ડૉ.મહેન્દ્રભાઈ ચોટલિયા**

નિવૃત્ત અધ્યક્ષ અને ડીન

શિક્ષણશાસ્ત્ર ભવન

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર

**ડૉ. હરેશ ચૌધરી**

જીસીઈઆરટી, ગાંધીનગર

**ડૉ.ઋતા એ. પરમાર**

રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

## : લેખન – સંપાદન :

| | | |
|---|---|---|
| **ડૉ. રાજેશભાઈ મૂલવાણી** | **ડૉ. ભાવેશ ઠક્કર** | **ડૉ. ધર્મેશ પટેલ** |
| **ડૉ. છાયાબેન મૂલવાણી** | **હિરેન પંડ્યા** | **શ્રદ્ધા જી. ભાવસાર** |
| **ડૉ. રણછોડભાઈ સોની** | **ડૉ. અશ્વિન પટેલ** | **ડૉ. બળવંતભાઈ તેજાણી** |

## : નિર્માણ :

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**

## : મુદ્રણ :

**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**શિક્ષકો માટે ...**

પ્રાથમિક શાળાનાં બાળકો ભાષાશિક્ષણની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ભાષાનું અર્થગ્રહણ કરીને ભાષાને માણે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ એ સૌથી પ્રથમ આવે ત્યારબાદ શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો આવે. કોઈપણ ભાષા શીખવાની શરૂઆત શ્રવણ અને કથનથી થાય છે, પરંતુ તેમાં જો અર્થગ્રહણ ન થાય તો કંઈ કામનું નહિ. ત્યારબાદ વિદ્યાર્થી જો વાચન કૌશલ્ય સારી રીતે હસ્તગત કરે તો તે કોઈ પણ બાબત સારી રીતે શીખી શકે છે, ગ્રહણ કરી શકે છે. વિદ્યાર્થીઓની વાચન અને અર્થગ્રહણ ક્ષમતા સારી હોય તો તેની અન્ય વિષયોની સિદ્ધિમાં પણ ખૂબ સારી અસર પડે છે. બાળકો માટે વાચનક્ષમતા નવી સૃષ્ટિ અને તકનાં દ્વાર ખોલી આપે છે. વાચનની સાથે સાથે તેમાં રહેલા ગર્ભિત અર્થને સમજવો પણ ખૂબ જરૂરી છે. તો જ વાચનનો યોગ્ય લાભ મળે. સાથેસાથે બાળકની અભિવ્યક્તિ, પ્રત્યાયન, તાર્કિક ચિંતન, અર્થગ્રહણ અને વ્યવહારિક ઉપયોજન એ બાબતો મુખ્ય છે. બાળકને અભિવ્યક્તિનો, પ્રત્યાયનનો તેમજ તાર્કિક ચિંતનનો મહાવરો આપવામાં આવે તો જ તેનો ભાષાવિકાસ થઈ શકે.

શિક્ષણના કોઈપણ સ્તરે વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ એ ખૂબ મહત્ત્વની બાબત છે. વાચન અને અર્થગ્રહણ એ પ્રતીકો સાથે વિચારોને સાંકળતી એક સંકુલ પ્રક્રિયા છે, જે વ્યક્તિ માટે જ્ઞાનપ્રાપ્તિનો એક અનિવાર્ય સ્રોત છે. રોજિંદા વ્યવહારમાં પણ વાચન અને અર્થગ્રહણ વિના ચાલી શકતું નથી.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે વાચન અભિયાન શરૂ કરેલ છે. વિદ્યાર્થીની ભાષાને બલવત્તર બનાવવાના હેતુથી આ પ્રવૃત્તિસંપુટની રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થી માટે આનંદ ઉપજાવે એવી શબ્દરમત પ્રકારની પ્રવૃત્તિઓ છે. અહીં ભાષાની સાથે ગણિત, પર્યાવરણની પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને અન્ય વિષયનો ભાષા સાથે અનુબંધનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિસંપુટમાં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓને જૂથ-જોડી કે સમૂહમાં કરાવવામાં આવે તો સહજ રીતે જ બાળકની ભાષાના વિકાસનું માધ્યમ બની રહે. ભાષાના અને શિક્ષણના નિષ્ણાતો તથા પ્રાથમિક શિક્ષણ સાથે વિદ્યાકીય નાતો ધરાવતા અધ્યાપકો, શિક્ષકો દ્વારા અનુભવને આધારે પ્રવૃત્તિઓની રચના કરવામાં આવેલ છે.

વાચન અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર-ઑક્ટોબર માસમાં વિદ્યાર્થીઓને શ્રવણ-કથનનો પૂરતો મહાવરો મળી રહે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ આપે વર્ગખંડમાં કરાવી હશે.

વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિમાં જેટલું વધારે શ્રવણ અને કથન કરે તેટલો તેમનું શબ્દભંડોળ વધે. या भाष्यते सा भाषा । તેથી ભાષાવિકાસ માટે સૌ પ્રથમ મૌખિક વાર્તાલાપ, ચર્ચા, સંવાદ જેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં થવી જરૂરી છે.

**ભાષાદીપ સંપુટોમાં -**

- ભાષાસમૃદ્ધિની કુલ 20 અઠવાડિયાંની પ્રવૃત્તિઓ આપેલી છે જેમાં અંદાજે 150 થી 190 જેટલી પ્રવૃત્તિઓ છે. દરેક અઠવાડિયા માટે સાત થી દસ પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે. એટલે કે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી. પરંતુ તમામ વિષયોમાં ભાષા-વ્યવહાર અનિવાર્ય છે જ, તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આથી ગુજરાતી ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.
- આ પ્રવૃત્તિમાં કેટલીક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ પાઠયપુસ્તક બહારની અને કેટલીક પાઠયપુસ્તકના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ગૌણ પણ તેનું અર્થગ્રહણ મહત્ત્વનું છે. તેથી કોઈપણ બિંદુનું અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય, તે માટેની પ્રવૃત્તિની રચના કેવી હોવી જોઈએ તે દરેક શિક્ષકે ધ્યાનમાં લેવાનું છે, તેવી પ્રવૃત્તિની રચના કરતાં શીખવાનું ધ્યેય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના અનુભવો દ્વારા અર્થગ્રહણની તક વિદ્યાર્થીઓને પૂરી પાડવાની છે.
- પ્રસ્તુત સંપુટોમાં કલ્પનાપ્રેરક, શબ્દરમત, શબ્દસર્જન, વિષયવર્ણન, શબ્દનિર્માણ, વાકયનિર્માણ, સર્જનાત્મક, અનુમાનપ્રેરક, વાતચીત, વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, મને ઓળખો, લિંગ અને કાળથી માંડીને વાકયપૂર્તિ, ચિત્રવર્ણન અને સ્વતંત્ર લેખનનો સમાવેશ કરતી પ્રવૃત્તિઓ બાળકને કરાવવાની થાય છે. સંપુટોમાં આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને પદ્ધતિસર કરાવવામાં આવે તો તેની કક્ષા પ્રમાણે વિદ્યાર્થીની ભાષા અંગેની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકશે.

**આ પ્રવૃત્તિઓની સમગ્રતાલક્ષી અસરો કેવી હશે?**

- **વિદ્યાર્થીઓને**
  - મુકત વાતાવરણ મળશે.
  - અનૌપચારિક ભાષાપ્રયોગ કરવાનો મોકો મળશે.
  - શરમ-સંકોચ દૂર થશે, બોલકણાં થશે.
  - અનેક મુદ્દાઓ પર વિચાર/લાગણી વ્યકત કરશે.
  - પાઠયપુસ્તકના વિષયવસ્તુનું દર્ઢીકરણ થશે.
  - વિષયોની સીમા તૂટશે-જ્ઞાનનું એકીકરણ થશે.
  - સહભાગી-અધ્યયન થશે-ભૂલો માટે શરમાવું નહીં પડે.
  - વર્ગમાં સમાજીકરણ થશે, અનેક વ્યક્તિત્વોનો પરિચય થશે.
  - શબ્દભંડોળ, વાકયરચના વૈવિધ્યમાં વધારો થશે.
  - મગજમાં અનેક ખ્યાલોની પુનઃરચના થશે.
  - નવા (Schema) સમજકોશ રચાશે.
  - લેખન અને જાહેરઅભિવ્યક્તિ સરળ બનશે.
  - કોઈપણ વિષય શીખવાનું સરળ બનશે.
- **શિક્ષકોને**
  - અનેક અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિનો પરિચય થશે.
  - વિદ્યાર્થીઓની વ્યક્તિ તરીકે ઓળખ મળશે.
  - વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓનાં દર્શન થશે.
  - વર્ગ સમરસ, અનુશાસિત બનશે.
  - વર્ગમાં વિષયશિક્ષણ વખતે વધારે સહભાગિતા થશે.
  - વિષયોનો અનુબંધ સ્થાપિત થશે.
  - અધ્યાપન સરળ બનશે.
  - ભાષાનું પ્રભુત્વ કેટલું મહત્ત્વનું છે કે સમજાશે.

**આ તમામ પ્રવૃત્તિઓ કરતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :**

૧. ભાષા એટલે શું તથા બાળક ભાષા કેવી રીતે શીખે છે તેની સમજ બરાબર પ્રાપ્ત કરવી.

૨. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ શ્રવણ અને કથનનો મહાવરો મળે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ કરાવવી, કારણ કે સાંભળવું અને બોલવું એ સહજ, પ્રાકૃતિક સ્થિતિ છે.

૩. દરેક પ્રવૃત્તિનો પ્રકાર આપેલો છે, એટલે પ્રવૃત્તિ જોડી / જૂથ / સમૂહ/વ્યક્તિગત જે પણ પ્રકારે કરવાની સૂચના આપેલી હોય તે પ્રકારે જ કરાવવી. મોટાભાગની પ્રવૃત્તિ જોડી અને જૂથમાં કરાવવાની છે, કારણ કે જોડીમાં કે જૂથમાં કામ કરવાથી વિદ્યાર્થીને એકબીજા સાથે ચર્ચા કરવાની તક મળે છે, આત્મવિશ્વાસ વધે છે. જોડીમાં કે જૂથમાં પ્રવૃત્તિ કરેલી હોવાથી ખોટું પડવાની બીક રહેતી નથી. એકબીજાના વિચારો, વિચારણાની પેટર્ન જાણવા મળે છે. મૌખિક ભાષા-વ્યવહાર બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જ સંભવ છે. આથી આપેલી સૂચના પ્રમાણે જ કામ થાય તે ખાસ જોવું.

૪. વિદ્યાર્થીઓ ભાષાનું અર્જન(કુદરતી રીતે પ્રાપ્ત કરવું) કરી શકે તે માટે વર્ગખંડમાં સહજ, સ્વાભાવિક પરિસ્થિતિ નિર્માણ કરવી. આ માટે પ્રવૃત્તિઓના વિષયો પણ રોજબરોજના વાસ્તવિક જીવનમાં અનુભવાતી પરિસ્થિતિ કે ઘટના કે પ્રસંગો આધારિત છે.

૫. આ તમામ પ્રવૃત્તિ કરાવતી વખતે મુખ્ય લક્ષ્ય બાળકોને મજા પડે તે છે. તેથી તમામ પ્રવૃત્તિ આનંદદાયી, સહજ વાતાવરણમાં અને મુક્ત રીતે થાય તે બાબત શિક્ષકે ખાસ ધ્યાન રાખવું આ પ્રકારનું વાતાવરણ પોતાના વર્ગખંડમાં રચવું.

૬. પ્રવૃત્તિ રસપ્રદ બની રહે તથા આનંદપૂર્વક કરવાનું મન થાય તે માટે અહીં વાતચીત, સંવાદ, રમતો, સ્થળ મુલાકાત, ચિત્ર, ઓડિયો, વીડિયો, રેસ્ટોરાં, મોબાઈલ જેવી બાબતો આધારિત પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

૭. આ તમામ પ્રવૃત્તિઓમાં તમામ વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે, એટલે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી, પરંતુ તમામ વિષયોમાં ભાષા વ્યવહાર થઈ શકે તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.

૮. દરેક ધોરણમાં એવા પ્રકારની પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે કે જેમાં વિદ્યાર્થીઓને બેઠા-સીધા જવાબ ન મળે પણ તેઓએ મનોયત્ન કરવો પડે, એટલે કે વિચારવું પડે, ચર્ચા કરવી પડે, મથવું પડે, પડકાર ઝીલવો પડે.

૯. દરેક પ્રવૃત્તિ માટે અંદાજિત સમય શિક્ષકશ્રીએ નક્કી કરવાનો છે. કોઈક વખત કોઈક પ્રવૃત્તિમાં બાળકો મશગૂલ બની ગયાં હોય અને તેમને ખૂબ મજા પડતી હોય તો તે પ્રવૃત્તિ ત્યાં જ અટકાવી દેવાને બદલે થોડા સમય માટે લંબાવી શકાય.

૧૦. મોટાભાગની પ્રવૃત્તિઓ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે. શિક્ષકની ભૂમિકા ફેસિલિટેટર તરીકેની રહેશે. દરેક પ્રવૃત્તિ વખતે શિક્ષકે વર્ગમાં ફરતા રહીને જોડી/જૂથમાં જઈને બાળકોની ચર્ચા સાંભળવી. બાળકો વિષય પર જ બરાબર ચર્ચા કરે છે કે કેમ, આપેલી પ્રવૃત્તિ બરાબર કરે છે કે કેમ, તે જોવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન કરવું.

૧૧. જૂથમાં તમામ સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે પ્રકારે જૂથની રચના કરવી. જોડીમાં કામ કરવાનું હોય તો પણ એક ઉત્તમ અને એક મધ્યમ, મધ્યમ અને પ્રિય, ઉત્તમ અને પ્રિય એવી રીતે રચના કરવી. એક અઠવાડિયા બાદ જૂથ કે જોડી બદલવી. ત્યાં સુધી એક જ રાખવી.

૧૨. પ્રવૃત્તિ પૂરી થયા પછી સમય મુજબ બે કે ત્રણ જૂથ કે જોડી પાસે તેનો સારાંશ કે અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરાવવો. એવી રીતે દરેક પ્રવૃત્તિ વખતે અલગ અલગ જૂથ કે જોડી પાસે રજૂ કરાવવું. શિક્ષકે સાથેસાથે 'પ્રવૃત્તિ કરવાની મજા પડી, કેવી રીતે તમે કાર્ય કર્યું, શી મુશ્કેલી પડી, શું જાણવા મળ્યું' જેવા પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિના ઊંડાણમાં જઈને, ભાષાના ઘટકો, ભાષાની ચમત્કૃતિ, સર્જનાત્મકતા વગેરેની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૩. અઠવાડિયામાં કોઈપણ સાત પ્રવૃત્તિ ફરજિયાત કરાવવી, અન્ય પ્રવૃત્તિઓ સમય મુજબ કરાવી શકાય. અઠવાડિયા માટે આપેલી પ્રવૃત્તિમાંથી તમે કોઈપણ પ્રવૃત્તિ પ્રથમ કરાવી શકો, એટલે કે અઠવાડિયાની અંદરની પ્રવૃત્તિનો ક્રમ અનુસરવો જરૂરી નથી, પણ દરેક અઠવાડિયાનો ક્રમ અનુસરવાનો. એટલે કે પ્રથમથી લઈને વીસ અઠવાડિયાના ક્રમ મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રસ્તુત સંપુટ વિદ્યાર્થીઓને ભાષા અને તે થકી અન્ય વિષય શીખવામાં મદદરૂપ બની રહે તેવી અભ્યર્થના! અધ્યયન-અધ્યાપનના આ નવાં સોપાન પર સૌનું સ્વાગત છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| 1. | પહેલું અઠવાડિયું | 01 |
| 2. | બીજું અઠવાડિયું | 04 |
| 3. | ત્રીજું અઠવાડિયું | 09 |
| 4 | ચોથું અઠવાડિયું | 14 |
| 5. | પાંચમું અઠવાડિયું | 17 |
| 6. | છઠ્ઠું અઠવાડિયું | 21 |
| 7. | સાતમું અઠવાડિયું | 25 |
| 8. | આઠમું અઠવાડિયું | 30 |
| 9. | નવમું અઠવાડિયું | 34 |
| 10. | દસમું અઠવાડિયું | 38 |
| 11. | અગિયારમું અઠવાડિયું | 42 |
| 12. | બારમું અઠવાડિયું | 45 |
| 13. | તેરમું અઠવાડિયું | 49 |
| 14. | ચૌદમું અઠવાડિયું | 53 |
| 15. | પંદરમું અઠવાડિયું | 58 |
| 16. | સોળમું અઠવાડિયું | 63 |
| 17. | સત્તરમું અઠવાડિયું | 68 |
| 18. | અઢારમું અઠવાડિયું | 73 |
| 19. | ઓગણીસમું અઠવાડિયું | 78 |
| 20. | વીસમું અઠવાડિયું | 83 |

# પહેલું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વાક્ય રચો તા. જૂથકાર્ય

- ઉદાહરણ પ્રમાણે વાકય બનાવો.

ઉદાહરણઃ- હું અંધ વ્યક્તિને રસ્તો પસાર કરવામાં મદદ કરું છું.

1. હું દરરોજ સવારે ______________________________

______________________________

2. વેકેશનમાં હું ______________________________

______________________________

3. રવિવારનો દિવસ ______________________________

______________________________

4. ગરીબ વ્યક્તિને જોઈને ______________________________

______________________________

5. શિયાળાની કડકડતી ઠંડીમાં ______________________________

______________________________

6. શૂરવીરોના લલકારથી ______________________________

______________________________

7. ખબરદાર ! મારા દેશની સરહદ ______________________________

______________________________

## 2. પ્રવૃત્તિ : જરૂર લાગે તો સુધારો તા. જૂથકાર્ય

- ઉદાહરણ મુજબ વાકયોને જરૂર લાગે તો સુધારો.

ઉદાહરણઃ- વાંદરો બચ્ચાને છાતીએ ચાંપી રાખે છે.

વાંદરી બચ્ચાને છાતીએ ચાંપી રાખે છે.

1. મેનાના ગળે કાંઠલો હોય છે.
2. રઝિયા સુલતાન એક મહાન સમ્રાટ હતા.
3. હાથીએ મદનિયાને જન્મ આપ્યો.
4. ઊંટ દૂધ આપે છે.
5. સસલું ઘાસ ખાય છે.

## 3. પ્રવૃત્તિ : વિધાનો છૂટાં પાડો  તા.  જૂથકાર્ય

- આપેલ વિધાનમાં બે વિધાનો રહેલાં છે જેને છૂટાં પાડી લખો.

ઉદાહરણઃ- બોલ્યામાં બોલે ગુણ બોર ન તેના નવ વેચાય

ન બોલ્યામાં નવ ગુણ. બોલે તેનાં બોર વેચાય.

1. રસ તેમાં કરો થોડું કસનળીમાં લીંબુનો પાણી લો થોડો મિશ્ર.

   ______________________________

2. કડવી તે કોફી હોય છે રંગની સ્વાદમાં કથ્થાઈ

   ______________________________

3. અયોધ્યાના દશરથ તેના છે રામ રાજકુમાર રાજા છે.

   ______________________________

4. જવાબ છે તમારે અહીં સૌએ એક તેનો આપવો પ્રશ્ન

   ______________________________

5. મળ્યો છે તમને મને હું લાગે હતો કયાંક

   ______________________________

જૂથ દીઠ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂ કરો.

## 4. પ્રવૃત્તિ : મને શું ગમે?  તા.  વ્યક્તિગતકાર્ય

- તમને કયું પ્રાણી ગમે ? તેની કાળજી કઈ રીતે લેશો ? તેની સાથે મિત્રતા કેવી રીતે કરશો? તમારી વાતને સમગ્ર વર્ગ સમક્ષ રજૂ કરો.

## 5. પ્રવૃત્તિ : આનંદ કરીએ  તા.  જૂથકાર્ય

- શાળામાં 'વાનગીમેળો' કરવાનો છે. જેમાં નાસ્તાના સ્ટોલ રાખવાના છે. જૂથચર્ચા કરી નક્કી કરો કે કયા – કયા નાસ્તા રાખશો ? કેટલો ભાવ રાખશો ? – વગેરે.
- જૂથ દીઠ કોઈ એક તમે જે – જે બાબતો નક્કી કરી હોય તેની વર્ગ સમક્ષ રજૂઆત કરો.

## 6. પ્રવૃત્તિ : મગજ કસો  તા.  જૂથકાર્ય

- આપેલ પેટર્નને સમજી ખાલી જગ્યામાં સંખ્યા લખો.

1. 14, 25, 37, _ 64
2. 5, 10, 17, ________ 37 ________ 65
3. 2, 5, 10, 17 ______
4. 1, 4, 9 ________________
5. 1, 8, 27, ______________

જૂથ દીઠ કોઈ એક રજૂઆત કરો.

## 7. પ્રવૃત્તિ : વાતચીત તા. જૂથકાર્ય

જૂથ બનાવી ચર્ચા કરો.

તમારા જીવનમાં એવું બન્યું હશે કે તમારી પ્રિય કે ગમતી વ્યક્તિ, વસ્તુ કે પ્રાણી તમારાથી દૂર થઈ ગયાં હોય..... એ વિષે ચર્ચા કરો....... ચર્ચામાં આવા પ્રશ્નો ધ્યાનમાં લો.

1. એ વખતે તમને કેવી લાગણી થઈ હતી ?
2. તમને કોણે કોણે મદદ કરી ? કેવી રીતે ?
3. તમારા મિત્રના જીવનમાં આવું બને તો તમે એને કઈ સલાહ આપશો ?

દરેક જૂથમાંથી કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

## 8. પ્રવૃત્તિ : વાચન અને અભિનય તા. સમૂહકાર્ય

સમૂહમાં વાક્યનું મુખવાચન કરી પોતાની જગ્યા પર અભિનય કરો.

1. ઘરમાં મરચાંનો વઘાર થયો.
2. દફતરમાંથી દેડકો નીકળ્યો.
3. આંબલી ખૂબ જ ખાટી લાગી.
4. આજે આકાશમાંથી બરફવર્ષા થઈ.
5. અચાનક સિંહ સામે આવી ગયો.

## 9. પ્રવૃત્તિ : કળે તે કમળ તા. જૂથકાર્ય

નીચેનું ઉખાણું ધ્યાનપૂર્વક મોટેથી વાંચો અને તમારા જૂથમાં ઉત્તર મેળવો.

1. ત્રણ રંગનું સુંદર પંખી,
   આસમાનમાં એ ફરકે છે,
   સૌ કોઈને ગમે છે,
   ભારતમાં બધાં એનું સન્માન કરે છે.
2. જળમાં ઊપજ, જળમાં નીપજ,
   ચોમાસે જળમય થાય,
   નહીં થડ, નહીં પર્ણ, તોયે અઢારે વર્ણ ખાય.

# બીજું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : અનુભવો અને કહો　　તા.　　વ્યક્તિગતકાર્ય

નીચેની પરિસ્થિતિ વાંચો, અનુભવને યાદ કરો અને કહો. (કોઈ પણ એક)

1. તમને સંગીત સાંભળવું ગમે ? તેની તમારા પર શી અસર થાય છે ?
2. તમને ભણવાનું ગમે ? તેનાથી શું લાભ થાય ?
3. તમને સંગીત શીખવું ગમે ? તે શીખવા તમે શું કરશો ?
4. તમને ચા બનાવવી ગમે ? ચા બનાવવા તમે શું કરશો ?
5. તમને કળા કરતો મોર જોવાનો ગમે ? તે જોઈને તમને કેવું લાગે ?

## 2. પ્રવૃત્તિ : જરૂર લાગે તો સુધારો　　તા.　　જૂથકાર્ય

ઉદાહરણ મુજબ વાકયોને જરૂર લાગે તો સુધારો. જૂથ દીઠ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- મેં એક વ્યક્તિને દરિયામાંથી ડૂબતો બચાવ્યો.

મેં એક વ્યક્તિને દરિયામાંથી ડૂબતી બચાવી.

1. મોરના માથા પર કલગી હોય છે.
2. મીરાંબાઈ મહાન કવિ હતાં.
3. સિંહે જંગલમાં બે બચ્ચાંને જન્મ આપ્યો.
4. રાજપૂતાણી વીરગતિ પામતા રાજપૂત જૌહર સ્વીકારતા.
5. ચાર સખીઓ પૂજા કરવાં ગઈ, તેમાં બે વાણિયા હતી.

## 3. પ્રવૃત્તિ : હોટલમાં જઈશું ?　　તા.　　જૂથકાર્ય

મેનુ વાંચી પ્રશ્નોના જવાબ આપો. વર્ગ સમક્ષ રજૂ કરો.

મેનુ

| સબ્જી કી ખુશ્બુ | રોટી કી મજા |
|---|---|
| પનીર ટીકા મસાલા – 100 | ચપાટી – 7 |
| પનીર હાંડી – 90 | બટર ચપાટી – 10 |
| પનીર ભુરજી – 80 | તંદુરી – 12 |
| કાજુ કરી – 110 | નાન – 15 |

| | |
|---|---|
| મલાઈ કોફતા – 120<br>પનીર લસણિયા –100 | ચીઝ નાન – 20<br>ચીઝ ગાર્લિક નાન - 25 |
| <u>બિરયાની સે લગાવ</u><br>વેજ બિરયાની – 60<br>હૈદરાબાદી બિરયાની – 70<br>દમ બિરયાની – 80<br>કશ્મીરી પુલાવ – 60<br>શાહી બિરયાની–90 | <u>ખુશ્બુ ભારત કી</u><br>પાઉંભાજી – 50<br>સાદા ઢોંસા – 30<br>મસાલા ઢોંસા – 50<br>દાલબાટી - 70 |

1. તમે હોટલમાં જશો તો આમાંથી કઈ – કઈ વસ્તુ મંગાવશો ? તેનું લિસ્ટ બનાવી કેટલું બિલ ચૂકવવું પડશે તે વિચારી કહો.
2. ‘નાન’ના કેટલા પ્રકાર આપ્યા છે? બધા પ્રકારના એક – એક નાન મંગાવું તો કેટલા રૂપિયા ચુકવવા પડે ?
3. તમે વાનગી મંગાવવા અંગેના તૈયાર કરેલા લિસ્ટના બિલ પર 30% ડિસ્કાઉન્ટ મળે છે તો તમારા જૂથે કેટલા રૂપિયા ચૂકવવા પડે?
4. આ મેનુમાં ન હોય તેવી તમને ભાવતી વાનગીનાં નામ લખો.

**4. પ્રવૃત્તિ : વાક્ય રચો તા. જૂથકાર્ય**

ઉદાહરણ પ્રમાણે વાકય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણઃ- વીર બાળક તરીકે મને પસંદ કરીને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કર્યો.

1. હું ગર્જન કરું ત્યારે ______________________________
______________________________
2. ______________________________ ધરતી ધ્રુજી ઉઠે છે.
3. પંખીઓના કલરવ ______________________________
______________________________
4. ______________________________ ભળભળ બળી રહ્યો છે.

5. મારું લક્ષ્ય ______________________________

______________________________

6. ______________________________ પોલીસે ઈનામ આપ્યું.

7. ______________________________

______________________________ માતા – પિતાને પગે લાગ્યો.

8. ______________________________ ભરેલું પાકીટ પાછું આપ્યું.

## 5. પ્રવૃત્તિ : સંજ્ઞા – વિશેષણ તારવો તા. જૂથકાર્ય

- ફકરો વાંચો અને સંજ્ઞા તથા વિશેષણ ચર્ચા કરી નોંધો.

કરમના દાધિયા નામનો સાતેક ઝૂંપડાનો નેસ. આયર અને કાઠી કોમના માલધારીઓ કુટુંબની જેમ રહે. પ્રાગડ ફૂટે માલધારીઓ ભેંહુ (ભેંસો) અને બીજા માલ (ઢોર)ને લઈ ચરાવવાને ઊપડી જાય છે. સ્ત્રીવર્ગ ઘરે રહે. પાંચસો ભેંહુના મેળવેલ દૂધના દહીંને વલોવવા એ નાજુક પણ મજબૂત હાથો કામે લાગી જાય. સાંજ પડ્યે ખૂટતું બળતણ વીણવા ગીરમાં નીકળી પડે. કોઈ શહેરી સ્ત્રી શોપિંગ સેન્ટર પર ખરીદી કરવા નીકળે તેમ.

જૂથદીઠ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂ કરો.

## 6. પ્રવૃત્તિ : જાહેરાત આધારિત પ્રશ્નો તા. જૂથકાર્ય

પુસ્તક એટલે જ્ઞાનનો ખજાનો.

**પુસ્તકમેળો**

ગુજરાતી ભાષાના પ્રખ્યાત સર્જકોનાં પુસ્તકો મેળવો

૨૫ ટકા ડિસ્કાઉન્ટથી........

તારીખઃ- 02 થી 06 નવેમ્બર-2019

સ્થળઃ- મોહનલાલ ખેમચંદ લાઈબ્રેરી,

લોટિયા ભાગોળ, આણંદ

સમયઃ- સવારે 9:30 થી સાંજે : 6:30

| |
|---|
| વિભાગ-1: કથાસાહિત્ય<br>વિભાગ-2: બાળસાહિત્ય<br>વિભાગ-3: પદ્યસાહિત્ય<br>ત્રણેય વિભાગ આપેલ તારીખો દરમિયાન<br>ખુલ્લા રહેશે.<br>સંપર્ક<br>જનકભાઈ પટેલ<br>9234512701 |

પ્રશ્નો:-

1. મોહિતને પુસ્તકમેળાની મુલાકાત લેવી હોય તો તે કેટલા દિવસ જઈ શકશે ?
2. કુલદીપ પંચતંત્રની વાર્તાઓનાં પુસ્તકો ખરીદે છે. જેની છાપેલી કિંમત 120 રૂા. છે, તે ત્રણ પુસ્તક ખરીદે છે તો કુલદીપે કેટલા રૂપિયા ચુકવવા પડશે ?
3. પુસ્તકમેળામાં કવિતાએ કનૈયાલાલ મુનશીની નવલકથા ખરીદવા માટે કયા વિભાગમાં જવું જોઈએ ?
4. પુસ્તકમેળા વિશે વધુ જાણકારી મેળવવા માટે કોનો સંપર્ક કરી શકાય ?
5. જો મનીષા ત્રીજી નવેમ્બરે સાંજના 7:00 કલાકે પુસ્તક ખરીદવા માટે જાય છે. તો તે કયા વિભાગના પુસ્તક ખરીદી શકશે ?
6. રોજ પુસ્તકમેળામાં જવું હોય તો વધુમાં વધુ પુસ્તકમેળાની મુલાકાત કેટલા દિવસ લઈ શકો?
7. ‘છુક છુક ગાડી’ પુસ્તક ખરીદવું છે તો કયા વિભાગમાં જવું પડશે ?
8. ગુજરાતી પાઠયપુસ્તકના 12 – નંબરનો પાઠ કયા વિભાગનો હશે ?

સૂચના:- જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ વિશે જૂથમાં ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

## 7. પ્રવૃત્તિ : સંબોધન તા. વ્યક્તિગતકાર્ય

- રાષ્ટ્રીય તહેવારમાં તમને ધ્વજ-પ્રમુખ બનાવ્યા છે, તો સભાને શું સંબોધન કરશો ?

## 8. પ્રવૃત્તિ : વાંચો અને લખો તા. જોડીકાર્ય

- નીચે આપેલ પરિસ્થિતિ સમજો અને તેને આધારે આપેલ પ્રશ્નનો ઉત્તર લખો.

તમે "શ્રેષ્ઠ વિદ્યાર્થી" પસંદગી સમિતિના સભ્ય છો, તો સન્માન આપતી વખતે તમે કઈ કઈ બાબતોને ધ્યાનમાં લેશો તે કારણ સાથે લખો અને વર્ગસમક્ષ રજૂ કરો.

## 9. પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર તા. જૂથકાર્ય

નીચેનું ઉખાણું ધ્યાનપૂર્વક મોટેથી વાંચો અને તમારા જૂથમાં ઉત્તર મેળવો.

1. કાંટાળા દેશમાં જનમ મારો, સુગંધનો હું રાજા,
   વિવિધ રંગી વાન મારો, માન મારાં ઝાઝાં.
2. કાળી મારી કાયા,
   ચોમાસાની મને માયા,
   અગર તુમને મુજે ખાયા,
   તો જીભ ઉપર મારી છાયા.

## ત્રીજું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ચિત્ર પરથી વર્ણન કરો. તા. જૂથકાર્ય

- જૂથ બનાવી ચિત્ર ધ્યાનપૂર્વક જુઓ અને વર્ણન કરો.

  દરેક જૂથમાંથી કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

  ઉ.દા:- ઘરની શોભા તોરણ બાંધવાથી વધે છે.

  ☐ ધોરણ – 7 ગુજરાતી (પ્રથમસત્ર) ના પાઠ્યપુસ્તકના આજની ઘડી રળિયામણી કાવ્યમાં આપેલા ચિત્રનું વર્ણન કરો.

### 2. પ્રવૃત્તિ : વાક્ય રચો તા. જૂથકાર્ય

- ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

  ઉદાહરણઃ- દુકાને ઊભેલા ભિખારીને જોઈને <u>મેં તેને 5 રૂ.ના દાળિયા અપાવ્યા</u>.

1. કૂતરાને લાકડીથી ફટકારતી વ્યક્તિને જોઈને ______________________________

   ______________________________________________
2. ઉમંગમાં ને ઉમંગમાં ______________________________

   ______________________________________________
3. ______________________________________________

   ______________________________ ખુશીનો પાર ન રહ્યો.
4. આટલું સાંભળીને દાદીમા ______________________________

   ______________________________________________
5. નદીના કાંઠે ઊભેલા સિંહને ______________________________

   ______________________________________________
6. ઊડતા પતંગિયાને જોઈને ______________________________

   ______________________________________________
7. મારા જીવનમાં બનેલી એ ઘટના ______________________________

   ______________________________________________

## 3. પ્રવૃત્તિ : વાંચો, વિચારો ચર્ચો અને નોંધો તા. જૂથકાર્ય

- નીચેના ફ્લોચાર્ટનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી આપેલ પ્રશ્નોના જવાબ ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

બે પ્રદેશો વચ્ચે તાપમાનનો તફાવત

↓

હવાના પ્રવાહનું નિર્માણ થાય

↓

ગરમ હવાને ઊંચે ચડીને તે સ્થાને ઓછા દબાણનો વિસ્તાર બને

↓

ઠંડી હવા ઓછા દબાણવાળા વિસ્તાર તરફ વહે

↓

ગરમ હવા ઊંચે ચડતાં, ઠંડી પડે અને તેમાંની પાણીની વરાળ ઠરીને વાદળાં બનાવે

↓

વાદળાંમાંનાં પાણીનાં ટીપાંઓ, વરસાદ, કરા તેમજ બરફ સ્વરૂપે જમીન પર પડે

↓

વાતાવરણમાં નીચે પડતાં પાણીનાં ટીપાં અને ઊંચે ચડતી હવાના લીધે ગાજવીજ સાથેનું વાવાઝોડું સર્જાય છે

↓

હવામાનની કેટલીક પરિસ્થિતિમાં ગાજવીજ સાથેનું વાવાઝોડું ચક્રવાતમાં પરિણમે છે.

પ્રશ્નો:-

1. વરસાદ પડવાની પ્રક્રિયા ચર્ચા કરી નોંધો.
2. ચક્રવાતની ઘટના ક્યારે ઉદ્ભવે છે ?
3. ગાજવીજ સાથેનું વાવાઝોડું ક્યારે સર્જાય છે ?
4. નીચેનું વિધાન સાચું છે કે ખોટું. જો ખોટું હોય તો સુધારીને લખો.
   i. ઉનાળામાં પવન જમીનથી સમુદ્ર તરફ વહે છે.

પ્રશ્ન:-5. નીચેનામાંથી કયાં સ્થળોએ ચક્રવાત આવવાની સંભાવના હોતી નથી ?

(1) કોલકત્તા(2)આંદામાન – નિકોબાર (પોર્ટ બ્લેયર) (3)કંડલા (4)દિલ્હી

**4. પ્રવૃત્તિ : વાચન અને અભિનય ता. સમૂહકાર્ય**

- વાકયનું મુખવાચન કરી પોતાની જગ્યા પર અભિનય કરો.
  1. આજે ખૂબ કડકડતી ઠંડી પડી.
  2. દિવાળીમાં ફટાકડાથી દાઝી જવાયું.
  3. જન્મદિનની પાર્ટીમાં મિત્રો નાચે છે.
  4. નજીકમાં આવેલી ગટરની દુર્ગંધ આવે છે.
  5. મેં શાળાએથી પરત ફરતાં અકસ્માત જોયો.

**5. પ્રવૃત્તિ : જો... તો... ता. વ્યક્તિગતકાર્ય**

- વિષય પર વિચારીને પાંચ વાકય લખી વર્ગ સમક્ષ રજૂ કરો.
  1. જો તમને આખો દિવસ મોબાઈલ મળી જાય તો .......
  2. જો ખેડૂતો ખેતી જ ન કરે તો .....

## 6. પ્રવૃત્તિ : ભાવપત્રક આધારિત પ્રશ્નો તા. જૂથકાર્ય

- ભાવપત્રક આધારિત પ્રશ્નો જૂથમાં ચર્ચા કરી જવાબ આપો અને જૂથદીઠ કોઈ એક વર્ગ સમક્ષ રજૂ કરો.

| ભાવપત્રક | | | |
|---|---|---|---|
| **પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર વાજબી ભાવની સરકાર માન્ય દુકાન** | | | |
| **નામઃ- રમેશભાઈ મગનભાઈ પરમાર** | | | |
| લા. નં.:- 218/75 | | | તા.01/09/2019 |
| **ક્રમ** | **વસ્તુનુંનામ** | **પ્રત્યેક વ્યક્તિ દીઠ મળવાપાત્ર જથ્થો** | **કિંમત (કિલોગ્રામ પ્રમાણે)** |
| ૧. | ખાંડ | 350 ગ્રામ | 13.50 રૂા. |
| ૨. | ઘઉં | 15 કિલોગ્રામ | 5.40 રૂા. |
| ૩. | ચોખા | 6.5 કિલોગ્રામ | 7.00 રૂા. |
| ૪. | કપાસતેલ | 1 લિટર | 15.00 રૂા. |
| ૫. | મીઠું | 1 કિલોગ્રામ | 1.00 રૂા. |

પ્રશ્નો:-

1. દુકાન કોની માલિકીની છે ?
2. કોમલ 13 કિલોગ્રામ ઘઉંની ખરીદી કરે છે તો તે કેટલા રૂપિયા ચુકવશે ?
3. સસ્તા અનાજની દુકાનમાં સૌથી સસ્તી વસ્તુ કઈ છે ?
4. સતીશના ઘરમાં ચાર વ્યક્તિ છે. સતીશને કુલ કેટલી ખાંડ મળવાપાત્ર છે?
5. ખાદ્ય વસ્તુઓ ઉપર શાનું પ્રમાણિત ચિહ્ન હોય છે ?

## 7. પ્રવૃત્તિ : ચાલો, ઉપાય કરીએ તા. જૂથકાર્ય

- જૂથમાં નીચેના મુદ્દાની ચર્ચા કરી જૂથનેતા દ્વારા વિચાર પ્રસ્તુત કરો.

1. પાણી બચાવવાના ઉપાયો.

## 8. પ્રવૃત્તિ : વાંચો અને શોધો તા. જોડીકાર્ય

- વાકયો વાંચો અને જોડીમાં ચર્ચા કરીને તેમાંથી સંજ્ઞા તથા વિશેષણ તારવો.

1. નાની ખિસકોલી ભણવામાં પહેલી,
   આવે છે છબીલી સૌથી એ વહેલી.
2. ઊંચા ઊંચા ડુંગર ચડશું
   ઊંડી ઊંડી ખીણ ઊતરશું.
3. અમે નાનાં નાનાં હરણાં,
   ખાતાં કૂણાં-કૂણાં તરણાં.

## 9. હસગુલ્લા તા. વ્યક્તિગતકાર્ય

- નીચેનો ટુચકો વાચી પ્રશ્નોના જવાબ આપો.

મુન્નોઃ- તે રાજુને લાફો કેમ માર્યો ?

પિન્ટુઃ- તેણે મને 15 દિવસ પહેલાં હિપોપોટેમસ કહ્યો હતો.

મુન્નોઃ- તેનું આજે શું ?

પિન્ટુઃ- મેં ગઈ કાલે જ પ્રાણીસંગ્રહાલયમાં હિપોપોટેમસ જોયો.

**પ્રશ્ન 1:-** પિન્ટુને હિપોપોટેમસ કોણે કહ્યો હતો ?

**પ્રશ્ન 2:-** પિન્ટુએ રાજુને 15 દિવસ પછી લાફો કેમ માર્યો ?

## ચોથું અઠવાડિયું

**1. પ્રવૃત્તિ : ચિત્ર પરથી વર્ણન કરો. તા. જૂથકાર્ય**

- ધોરણ – 7 ગુજરાતી (પ્રથમસત્ર) ના પાઠ્યપુસ્તકના 'ભીખુ' પાઠમાં આપેલા પાના નંબર 33 પરના ચિત્રનું વર્ણન કરો.
- દરેક જૂથમાંથી કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

**2. પ્રવૃત્તિ : વાક્ય રચો તા. જૂથકાર્ય**

- ઉદાહરણઃ- એવું ગર્જન શું કામનું જેનાથી આભનાં ડાબલાં ન ઊડે.

1. એવાં માર્ક્સ શા કામના જેનાથી ________________________________
________________________________
2. એવું ભણતર શા કામનું જે ________________________________
________________________________
3. એવી મૈત્રી / મિત્રતા શા કામની જે ________________________________
________________________________
4. ________________________________ જે પાળવું સરળ હોય.
5. ________________________________ જે સાચું જોઈ ન શકે.
6. એવાં વેણ શા કામનાં જે ________________________________
________________________________
7. એ બહાદુરી શા કામની ________________________________
________________________________
8. એ દોડ શા કામની ________________________________
________________________________

**3. પ્રવૃત્તિ : વાંચો અને લખો તા. જૂથકાર્ય**

- વિદ્યાર્થીમિત્રો, નાના જૂથમાં વિભાજિત થઈ આપેલાં વિધાનો વાંચો અને ત્યારબાદ જૂથમાં ચર્ચા કરી તે વિધાનોને આધારે શબ્દ લખો.

1. જે પદાર્થોના સ્વાદ તૂરા અને સ્પર્શે સાબુ જેવા ચીકણા હોયઃ- ________________
2. હું લોખંડને આકર્ષવાનો ગુણધર્મ ધરાવું છું:- ________________
3. પાણીમાંથી બાષ્પમાં રૂપાંતર થવાની પ્રક્રિયાઃ- ________________

4. હું નવી દિલ્હીમાં આવેલ એવું સ્થળ છું જ્યાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છેઃ-

_______________________________________________

5. હું વનસ્પતિનું રસોડું છુંઃ- ____________________________________

જૂથ દીઠ કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

**4. પ્રવૃત્તિ : વાચન અને અભિનય તા. વ્યક્તિગતકાર્ય**

- વાકયનું મુખવાચન કરી પોતાની જગ્યા પર અભિનય કરો.
  1. કાદવ કીચડવાળા રસ્તા પર ચાલવાનું છે, ધ્યાન રાખજો.
  2. ગરમ પાણી શરીર પર ઢોળાઈ ગયું.
  3. બીમારીમાં કડવી દવા પીવી પડશે.
  4. જૂઠું બોલવાના કારણે મને મમ્મીનો ખૂબ માર પડયો.
  5. ધગધગતા કોલસા પર ચાલવાનો મને અનુભવ થયો.

**5. પ્રવૃત્તિ : જો... તો... તા. જોડીકાર્ય**

- નીચે આપેલ વિષય પર વિચારીને પાંચ વાકય લખી વર્ગસમક્ષ રજૂ કરો.
  1. જો તમને ગામના સરપંચ બનાવે તો ..........

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

  2. જો જંગલમાં રાત રહેવા મળે તો .........

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**6. પ્રવૃત્તિ : સમજો અને કરો. તા. વ્યક્તિગતકાર્ય**

- સૂચનાને ધ્યાનપૂર્વક સમજી જવાબ આપો અને વર્ગ સમક્ષ રજૂ કરો.
  1. આજથી પાંચ વર્ષ પહેલાં, પાંચ બાળકોની ઉંમરનો કુલ સરવાળો 5 વર્ષ હતો. આજથી પાંચ વર્ષ પછી તે પાંચેય બાળકોની ઉંમરનો કુલ સરવાળો કેટલો થશે ?
  2. વારસામાં મળેલ કુલ 17 ઊંટની સંપત્તિને નીચે પ્રમાણે વહેંચી આપો.
     - i. સૌથી મોટા પુત્રને 1/9 ભાગ
     - ii. સૌથી નાના પુત્રને 1/6 ભાગ
     - iii. વચલા પુત્રને 1/2 ભાગ

**7. પ્રવૃત્તિ : વાંચો અને કહો તા. વ્યક્તિગતકાર્ય**

- તમને કયું વૃક્ષ ગમે ? તેની માવજત કે જતન કેવી રીતે કરશો .... ?

  તમારી વાતને વર્ગ સમક્ષ રજૂ કરો.

**8. પ્રવૃત્તિ : સંજ્ઞા – વિશેષણ તારવો તા. જૂથકાર્ય**

- ફકરો વાંચો અને સંજ્ઞા તથા વિશેષણ ચર્ચા કરી નોંધો.

  સાહિબા બસ આવી કે નહીં તે જોવા કૂદીને લાઈનની બહાર આવી. તે જોરથી બૂમો પાડે છે. હે એ ........ હું બસ જોઈ શકું છું. દોડો ! બારી પાસે સીટ લેવા. ઘણાં બાળકો આનંદથી કૂદવા લાગ્યાં. થોભો ! આ શું ? આ બસ તો બહુ નાની છે. બધાં દલીલો કરવા લાગ્યા. અમે તમને મોટી બસ લાવવા કહ્યું હતું.

  જૂથદીઠ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂ કરો.

**9. પ્રવૃત્તિ : મગજ કસો તા. વ્યક્તિગતકાર્ય**

- "Bus Station"શબ્દોમાં વપરાયેલ અક્ષરોના ઉપયોગ કરી શબ્દો બનાવો.

  ઉ. દા. Bus, But,

# પાંચમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વાચન અને અભિનય    તા.    સમૂહકાર્ય

- વાકયનું મુખવાચન કરી પોતાની જગ્યા પર અભિનય કરો.
  1. મારા જન્મદિન પર ઘણી ભેટ મળી.
  2. ગરમાગરમ ચા પીવાઈ ગઈ.
  3. મમ્મીએ કારેલાંનું શાક ખવડાવ્યું.
  4. શરીર પાણી – પાણી કરી દે તેવો ધમધોકાર તાપ છે.
  5. કંદોઈની દુકાન પર સ્વાદિષ્ટ જલેબી અને ગુલાબજાંબુ જોયાં.

## 2. પ્રવૃત્તિ : જો... તો...    તા.    જોડીકાર્ય

- નીચેના વિષય પર વિચારીને પાંચ વાકય લખી વર્ગસમક્ષ રજૂ કરો.
  1. જો તમને ગુજરાતનું સુકાન સંભાળવા મળે તો ......

     ____________________

     ____________________

     ____________________

     ____________________

     ____________________

  2. જો ટી.વી.માં બધા પ્રોગ્રામ બંધ થઈ જાય તો........

     ____________________

     ____________________

     ____________________

     ____________________

     ____________________

## 3. પ્રવૃત્તિ : વાંચો અને લખો    તા.    જોડીકાર્ય

- ધોરણ-7 ના સામાજિક વિજ્ઞાન પ્રથમ સત્રના પાઠયપુસ્તકના પાના નં. 21 પર આપેલ ‘‘શાસકોનું ખમીર’’પાઠના રાજપૂતો બહાદુર હતા....... કંડારાયેલી છે. ફકરાનું શાંત વાચન કરી નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.
  1. તમને રાજપૂત / રાજપૂતાણીમાંથી કયું પાત્ર વધુ પસંદ છે ? શા માટે ?

2. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો ફકરામાંથી શોધીને લખો.

ડરપોક ×__________ ભક્ષણ ×__________

નાપસંદ ×__________ આગમન ×__________

જીવન ×__________

3. આપેલા શબ્દોના લિંગ પરિવર્તન ફકરામાંથી શોધો.

પત્ની= __________ રાજપૂત = __________

પુત્રી = __________ ભાભી = __________

વીર = __________

4. રાજપૂત / રાજપૂતાણીના પોશાક વિશે કલ્પના કરી તમારા શબ્દોમાં રજૂ કરો.

**4. પ્રવૃત્તિ : પ્રશ્નો પૂછી પ્રસંગ / ઘટના આગળ વધારો તા. જૂથકાર્ય**

- જૂથ બનાવો અને જૂથમાં પ્રશ્નો પૂછી આપેલ ઘટના / પ્રસંગ આગળ વધારો.

ઉ. દા. મારા પડોશમાં ધૂળાદાદા એકલા રહે છે ......

પ્રસંગ / ઘટના આગળ વધારવાના નમૂનાના પ્રશ્નો.

1. ધૂળાદાદા કેટલા વખતથી એકલા રહે છે ?
2. ધૂળાદાદા કેમ એકલા રહે છે ?
3. ધૂળાદાદા એકલા રહીને શું કરે છે?

અન્ય ઘટના કે પ્રસંગ માટેનું એક વિધાન લઈ પ્રવૃત્તિ કરો.

**5. પ્રવૃત્તિ : ઉખાણાં રચો તા. જૂથકાર્ય**

- આપેલ ઉદાહરણ જોઈ અન્ય ફળનું ઉખાણું જાતે રચો અને અન્ય જોડીને પૂછો.

1. કાચી હું તો લીલી,
પાકી થાઉં તો પીળી,
સહુની પ્યારી હું તો,
બોલો હું કોણ ?

2. ____________________
____________________
____________________
____________________

## 6. પ્રવૃત્તિ : મગજ કસો     તા.     વ્યક્તિગતકાર્ય

- નીચેના અંકો કે મૂળાક્ષરો ચોક્કસ શ્રેણી કે ક્રમમાં છે તે શ્રેણી સમજી ખાલી જગ્યા પૂરો.

1. 65, 50, 36, 23, _______________
2. 3, 5, 8, 10, 13, 15 ______
3. A, C, F, _________ O _________
4. Z, X, U, _________ M ________

## 7. પ્રવૃત્તિ : જો... અને તો...     તા.     જૂથકાર્ય

- નાનું જૂથ બનાવી ઉદાહરણમાં દર્શાવ્યા પ્રમાણે જો અને તોની સાંકળ રચો. આવાં બીજાં ત્રણ વાક્યો વિચારી તેની સાંકળ રચો.

ઉદાઃ- જો મને લોટરી લાગે તો હું માલામાલ થાઉં.

જો હું માલામાલ થાઉં તો બંગલો બનાવું.

જો હું બંગલો બનાવું તો ભવ્ય વાસ્તુ કરું.

## 8. પ્રવૃત્તિ : ચક ચક ખિસકોલી     તા.     જોડીકાર્ય

- નીચેનું કાવ્ય વાંચી પ્રશ્નોના જવાબ આપો.

ચક ચક ખિસકોલી

ચક ચક ખિસકોલી મમ્મીને પૂછે કે, મમ્મી આ ચાંદો ખવાય ?
મમ્મી કહે કે પહેલાં પપ્પાને પૂછ, એ ઝાડ ઉપર કેમનું જવાય ?
પપ્પા કહે કે છેક ઊંચા આકાશમાં એ આવ્યું છે ચાંદાનું ઝાડઃ
જો અહીંથી દેખાતો ચાંદનીનો ક્યારો ને ટમટમતી તારાની વાડઃ
આપણે ટેરેસમાંથી કૂદકો મારીએ તો, તરત જ ત્યાં પહોંચી જવાય.

ચક ચક ચક ખિસકોલી ......

મમ્મી કહે કે સાવ ગપ્પાં શું મારો છો ચક ચક તો બાળક કહેવાયઃ
સાંભળેલી વાત બધી સાચી માનીને કયાંક જો જો એ કૂદી ના જાય ?
કોરીકટ પાટીમાં લીટા ના હોય કદી, એમાં તો એકડા ઘૂંટાય.....

ચક ચક ચક ખિસકોલી .......

સાંભળીને વાત એક લીંબડાની ડાળ કહે ખૂબ જ પાકી છે લીંબોળી
પૂનમને દા'ડે આ ચક ચકને મોકલજો, ખવડાવીશ ચાંદનીમાં બોળીઃ
ચાંદામામાની તો વાત જ મધમીઠીને એનાં તો ગીતો ગવાય.

ચક ચક ચક ખિસકોલી ......

-કૃષ્ણ દવે

પ્રશ્નો

1. ખિસકોલીની કઈ ઈચ્છાની વાત આ કવિતામાં છે ?
2. ખિસકોલીની આ ઈચ્છા પૂરી કરવા પપ્પા શી સલાહ આપે છે ?
3. પપ્પા ગપ્પા મારે છે એમ મમ્મી કેમ કહે છે ? ખરેખર ગપ્પાં કોણ મારે છે ?
4. પપ્પા તેમની સલાહ દ્વારા ખિસકોલીને શું શીખવવા પ્રેરે છે ?
5. તમે જો ખિસકોલી હો તો કોની સલાહ માનશો ? મમ્મીની કે પપ્પાની ?
6. ખિસકોલી શું કરીને ચાંદો ખાવાનો સંતોષ માને છે ?
7. ખિસકોલીએ જે રીતે ચાંદો ખાધો તે રીતે તમારે સૂરજ ખાવો હોય તો શું કરશો ?
8. ચાંદો ખાઓ આ સિવાય કોઈ સલાહ આપવાની વાત થાય તો તમે કઈ સલાહ આપશો ?

**9. પ્રવૃત્તિ : અલગ પડતો શબ્દ શોધો તા. જૂથકાર્ય**

- આપેલ ચાર શબ્દોનાં જૂથમાં એક શબ્દ અન્ય શબ્દ કરતાં જુદો પડે છે. તેને ઓળખો અને ચર્ચા કરી અલગ તારવો. અલગ તરી આવતા શબ્દની ફરતે વર્તુળ કરો અને શા માટે અલગ પડે છે તે વર્ગ સમક્ષ રજૂ કરો.

| | | | |
|---|---|---|---|
| 1. અનિલ | હવા | સમીર | તિમિર |
| 2. લીલો | ચળકતો | લાલ | વાદળી |
| 3. ગોળ | ચોરસ | લંબચોરસ | ત્રિકોણ |
| 4. સિતાર | તાનપુરો | વીણા | શરણાઈ |
| 5. બટાકા | ટામેટાં | ગાજર | ડુંગળી |

# છઠ્ઠું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વાચન અને અભિનય તા. સમૂહકાર્ય

- સમૂહમાં વાકયનું મુખવાચન કરી પોતાની જગ્યા પર અભિનય કરો.
  1. ચાલો, સૌ ભેગા મળી શેરડી ખાઈએ.
  2. વરસાદમાં નાહવાની મજા પડી.
  3. આજે ખૂબ શરદી થઈ ગઈ; માથું દુ:ખે છે.
  4. રાત્રિના સમયે ભૂતનું ડરામણું પિકચર જોયું.
  5. મારું પાળેલું વહાલું કૂતરું ગાડી નીચે આવી ગયું.

## 2. પ્રવૃત્તિ : જો ... તો ... તા. વ્યક્તિગતકાર્ય

- વિષય પર વિચારીને પાંચ વાક્ય લખી વર્ગસમક્ષ રજૂ કરો.
  1. જો તમને ફોટોગ્રાફર બનાવવામાં આવે તો ........

_______________

_______________

_______________

_______________

_______________

  2. દુનિયામાં પાણી ખૂટી જશે તો .......

_______________

_______________

_______________

_______________

_______________

## 3. પ્રવૃત્તિ : હોટલમાં જઈશું ? તા. જૂથકાર્ય

- મેનુ વાંચી પ્રશ્નોના જવાબ વર્ગ સમક્ષ રજૂ કરો.

'આપણું ખાણું'

| | |
|---|---|
| <u>શાકનો સ્વાદઃ-</u><br>સેવ ટામેટાં – 50<br>લસણિયા બટાકા – 40<br>સેવ ડુંગળી – 40<br>ભરેલા ભીંડા – 30<br>કાજુ લસણ – 50<br>કાજુ કારેલાં – 50<br>રીંગણનુંભડથું – 40 | <u>રોટલીની સુગંધ</u><br>સાદી રોટલી – 5<br>ઘી વાળી રોટલી – 7<br>બાજરીનો રોટલો – 10<br>મકાઈનો રોટલો – 10<br>પરોઠાં – 12 |
| <u>રાઈસની ફરમાઈશઃ-</u><br>સાદા ભાત – 30<br>સાદી ખીચડી – 35<br>વઘારેલી ખીચડી – 40<br>કઢી – 20<br>ગુજરાતી દાળ - 20 | <u>ઠંડકની ઠંડાઈ</u><br>છાસ – 10<br>મસાલા છાસ – 12<br>લસ્સી – 15<br>રજવાડી લસ્સી – 25 |

1. ધર્મેશ પાસે ચારસો રૂપિયા છે. 30 રૂપિયા ભાડાના બાદ કરી બાકીના પૈસામાંથી તે ચારેય વિભાગમાંથી કઈ – કઈ વસ્તુઓ પસંદ કરી જમી શકશે ?
2. નીલેશભાઈ બે લસણિયા બટાકા, એક કાજુ કારેલા, એક રીંગણનું ભડથું, છ બાજરીના રોટલા, બે વઘારેલી ખીચડી, બે કઢી અને બે મસાલા છાશ તથા ત્રણ રજવાડી લસ્સી મંગાવે છે. વેઈટરને બિલના 10% ટીપ આપતા કુલ બિલ કેટલું થશે ?
3. આપણા ગામમાં કાઠિયાવાડી ખાણીપીણીનો બે દિવસીય મેળો કરવો છે, તો તેમાં કઈ – કઈ વાનગીઓ રાખીશું ? અને તેના ભાવ શું રાખશો ? તે નક્કી કરો.
4. મેનુમાં આપેલી વસ્તુમાંથી કઈ – કઈ તમે જાતે બનાવી શકો ?

**4. પ્રવૃત્તિ : પ્રશ્નો પૂછી પ્રસંગ / ઘટના આગળ વધારો　　　તા.　　　　　સમૂહકાર્ય**

- પ્રશ્નોત્તરી કરી પ્રસંગ કે ઘટના પૂર્ણ કરો.
- આજે ઘરે મહેમાન આવવાના છે. (તે ક્યાંથી આવવાના છે?) તે વડોદરાથી આવવાના છે.

______________________________

______________________________

______________________________

______________________________

(આવી રીતે વર્ગના અન્ય વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછતા જાય અને એક વિદ્યાર્થી તેના જવાબના આધારે ઘટના પૂર્ણ કરતો જાય.)

**5. પ્રવૃત્તિ : ઉખાણાં રચો　　　તા.　　　　　જૂથકાર્ય**

આપેલ ઉદાહરણ જોઈ અન્ય પ્રાણીનું ઉખાણું જાતે રચો અને અન્ય જૂથને પૂછો.

ઉદાહરણઃ-

| | |
|---|---|
| 1. ભાઉ ભાઉ કરું છું, | 2. ______________ |
| ઘરની રક્ષા કરું છું, | ______________ |
| માલિકનો વફાદાર છું | ______________ |
| બોલો હું કોણ ? | ______________ |
| [ ] | [ ] |

**6. પ્રવૃત્તિ : ગણિત બિરબલ　　　તા.　　　　　જોડીકાર્ય**

પ્રશ્નોના ઉત્તર આપો.

1. 8 ને 8 વખત એવી રીતે ગોઠવો જેનો સરવાળો 1000 થાય.
2. ટેલિફોનના ડાયલમાં 1 થી 9 એવી રીતે ગોઠવો જેથી સરવાળો 999 થાય.

**7. પ્રવૃત્તિ : નક્કી કરો　　　તા.　　　　　જૂથકાર્ય**

તમારા વર્ગખંડમાં બે નવી વસ્તુઓ લાવવાનું નક્કી કરવાની જવાબદારી તમારા જૂથને સોંપાઈ છે. જૂથમાં ચર્ચા કરી કઈ બે વસ્તુઓ લાવવી તે નક્કી કરો.

પ્રશ્ન - 1　આ વસ્તુઓ તમે શા માટે પસંદ કરી ?

પ્રશ્ન - 2　તેનાથી શું પરિવર્તન આવશે?

જૂથમાંથી કોઈપણ એક વ્યક્તિ રજૂઆત કરશે.

## 8. પ્રવૃત્તિ : શબ્દસમૂહ માટે એક શબ્દ તા. જોડીકાર્ય

કૌસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી શબ્દસમૂહ માટેનો સાચો શબ્દ લખો.

(અમર, હૈયાફાટ, વિધવા, મૃતદેહ, વૈદ)

એક _______ (જેનો પતિ મૃત્યુ પામ્યો છે તે) સ્ત્રી હતી. એનું નામ કિસા હતું. એને એક પુત્ર હતો. પુત્રને તે જીવની જેમ ચાહતી હતી. એકવાર કિસાનો પુત્ર માંદો પડ્યો. અનેક _ _______ (રોગનું નિદાન અને ઉપચાર કરનાર વ્યક્તિ) પાસે જવા છતાં કોઈ તેના પુત્રને બચાવી શક્યું નહીં. કિસા ___________(હૃદય ફાટી જાય તેવું) રુદન કરતી સૌને તેના પુત્રને જીવતો કરવાની આજીજી કરવા લાગી. તે પુત્રના ______ (પ્રાણ વિનાનું શરીર)ને લઈને ભગવાન બુદ્ધની પાસે ગઈ. ભગવાને તેને સમજાવ્યું કે દરેકનું મૃત્યુ નિશ્ચિત છે. દુનિયામાં કોઈ _______ (જેનું મૃત્યુ નથી થતું તે) નથી.

## 9. પ્રવૃત્તિ : હસતા રહો તા. જોડીકાર્ય

નીચેના ટુચકા વાંચી પ્રશ્નોના જવાબ આપો.

(1) શિક્ષક : ચીકુ, તારું અને તારા પિતાનું નામ બતાવ.

ચીકુ : મારું નામ સૂર્યપ્રકાશ, મારા પિતાનું નામ ચંદ્રપ્રકાશ.

શિક્ષક : શાબાશ. હવે મને અંગ્રેજીમાં બોલીને સંભળાવ.

ચીકુ : My name is Sunlight and my father's name is Moonlight.

પ્રશ્ન - 1 ચીકુ અંગ્રેજીમાં પોતાનું અને પિતાનું નામ બોલે છે તે સાચું છે ? શા માટે ?

(2) શાકમાર્કેટમાં એક ભાઈ શાક લેવા ગયા હતા, ત્યાં તે એક શાકની લારી પર પહોંચ્યા. ત્યાં તે શાકવાળો છેલ્લી બે મિનિટથી ભીંડા પર પાણી છાંટી રહ્યો હતો. તે ભાઈને ભીંડા ખરીદવા હતા, એટલે તે ઊભા ઊભા કંટાળી ગયા, 10 મિનિટ પછી શાકવાળો બોલ્યો, બોલો સાહેબ શું આપું ? તે ભાઈ બોલ્યા, ભીંડા ભાનમાં આવી ગયા હોય તો 1 કિલો આપી દો.

પ્રશ્ન - ૨ શાકવાળો પાણી કેમ છાંટતો હતો?

## સાતમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : પ્રશ્નો પૂછી પ્રસંગ / ઘટના આગળ વધારો તા. સમૂહકાર્ય

- પ્રશ્નોત્તરી કરી પ્રસંગ કે ઘટના પૂર્ણ કરો.

હું દૂધ લેવા જતો હતો ત્યાં રસ્તામાં .......

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

### 2. પ્રવૃત્તિ : વાંચો અને શોધો તા. જોડીકાર્ય

- વાકયો વાંચો અને જોડીમાં ચર્ચા કરીને તેમાંથી સંજ્ઞા તથા વિશેષણ તારવો.
  1. એ અબોલ અને વફાદાર જીવે પોતાનું દિલ દુભાતાં કાળીમીંઢ પથ્થર સાથે માથું પટકી જીવ આપ્યો.
  2. ગગનની ઓઢણીમાં ચાંદા, સૂરજને તારાને ગૂંથનાર કેવા હશે ?
  3. મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે !
  4. દાનવીર ભામાશાએ દિલ ખોલીને પોતાના ખજાનાનાં દ્વારા ખોલ્યાં.

### 3. પ્રવૃત્તિ : જાહેરાત આધારિત પ્રશ્નો. તા. જૂથકાર્ય

- જાહેરખબર ધ્યાનપૂર્વક વાંચો અને પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

**''નવનીત-સમર્પણ''માં જાહેરખબર**

**જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે** 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રચાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

| જાહેરખબરના દર આ પ્રમાણે છેઃ- | | અન્ય વિગતોઃ |
|---|---|---|
| **જાહેરખબરના દરઃ** | | **આખું પાનું** |
| આખું પાનું(Colour) | રૂ.9,000/- | ફુલ સાઈઝ 19.5 સે.મી. × 13.5 સે.મી. |
| આખું પાનુંB/W | રૂ.5,000/- | પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. × 10.5 સે.મી. |
| અડધું પાનું(Colour) | રૂ.5,000/- | **અડધું પાનું** |
| અડધું પાનુંB/W | રૂ.3,000/- | આડું પાનું 8.0 સે.મી. × 10.5 સે.મી. |
| બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours) | રૂ.11,000/- | ઊભું પાનું 15.5 સે.મી. × 5 સે.મી. |
| પાછલું મુખપૃષ્ઠ (Back Cover 4 colours) | રૂ.12,000/- | બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક જા.ખ. માટે ૪ કલરની |
| | | પોઝિટિવ્સ (રંગીન જા.ખ. માટે), સી.ડી. |
| | | છાપકામઃ Glazed Newsprint ઉપર |

પ્રશ્નોઃ-

1. આ જાહેરાત કયા સામયિક માટેની છે ?
2. સામયિકનો મુખ્ય હેતુ કયો છે ?
3. આ જાહેરાત કયા રાજય માટે આપવામાં આવી છે ?
4. પ્રથમ પાના માટે કયો શબ્દ વાપરી શકાય ?
5. આ જાહેરાતમાં તમને અઘરા લાગતા શબ્દો નીચે લીટી કરો. તેનો લગભગ અર્થ શો થતો હશે તેની ચર્ચા કરો.
6. સૌથી મોંઘી અને સૌથી સસ્તી જાહેર ખબરના ભાવ વચ્ચે કેટલો તફાવત હશે ?
7. સૌથી સસ્તી જાહેરખબરનાં આડાં અને ઊભાં પાનાંના ક્ષેત્રફળ વચ્ચે શો તફાવત હશે ?
8. 'આધુનિક' જેવા અન્ય પાંચ શબ્દો લખો.
   જેમકેઃ- આર્થિક, ________, _________, _________,
9. ત્રણ સામયિકનાં નામ લખો.
10. તમારી મનગમતી વસ્તુની જાહેરાત જેટલી જગ્યામાં સમાય તે માપીને કહો કે આ માટે તમારે કેટલા પૈસા ચુકવવા પડશે ?

## 4. પ્રવૃત્તિ : ધારો અને શોધો તા. સમૂહકાર્ય

- કોઈ એક પ્રચલિત વ્યક્તિનું નામ વર્ગ ધારશે. બહાર ગયેલ વિદ્યાર્થીએ વર્ગમાં આવી, હા કે નામાં જવાબ આવે તેવા પ્રશ્નો પૂછી ધારેલ પ્રચલિત વ્યક્તિનું નામ કહેવાનું છે. આવી પાંચ-છ નામધારી વ્યક્તિઓની પ્રવૃત્તિ કરો.

દા. ત.:- ધારેલું નામઃ- મહાત્મા ગાંધી

| | | |
|---|---|---|
| પ્રશ્ન 1 : | શું હું એકટર છું ? | ના |
| પ્રશ્ન 2 : | શું હું સાહિત્યકાર છું ? | હા |
| પ્રશ્ન 3 : | શું હું જીવિત છું ? | ના |
| પ્રશ્ન 4 : | શું હું પોરબંદરમાં જન્મેલ છું ? | હા |

## 5. પ્રવૃત્તિ : વાંચો અને નોંધો તા. જોડીકાર્ય

- આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ફકરો પૂર્ણ કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

(દાન, યજ્ઞ, જ્ઞાન, મનોવૃત્તિ, ગાયો, વાત, જીવ, વારસો)

નચિકેતા નાનપણથી જ જાણે ____નો____પામ્યો હતો. એક વખતની ___ છે. એ નાનકડો હતો ત્યારે એના પિતાએ એક ____ આરંભ્યો. યજ્ઞમાં ગાયોનું દાન દેવાનું આવે પણ ઋષિને સારી ____દાનમાં આપવાનો ___ ચાલે નહીં. યજ્ઞ પૂરો કરવા __ તો આપવું જ રહ્યું એટલે એવી _________જેવું દાન અપાય તેવું દાન ઉદ્દાલક ઋષિ આપવા માંડ્યા.

## 6. પ્રવૃત્તિ : વાંચો અને લખો તા. જોડીકાર્ય

- નીચેનો ફકરો વાંચી પૂછેલ પ્રશ્નોના ઉત્તર આપો.

પર્ણો એ વનસ્પતિમાં ખોરાક બનાવવા માટેનાં કારખાનાં છે. વનસ્પતિમાં ખોરાક બનવાની ક્રિયા પર્ણમાં જોવા મળે છે. તેથી બધા જ કાચા પદાર્થોને ત્યાં પહોંચવું જ રહ્યું. જમીનમાં રહેલ પાણી અને ખનીજ તત્ત્વોનું મૂળ દ્વારા શોષણ થાય છે, અને તેનું પરિવહન પર્ણ સુધી થાય છે. વનસ્પતિ પર્ણમાં આવેલ નાનાં છિદ્રો દ્વારા વાતાવરણમાંનો કાર્બન ડાયોકસાઈડ લે છે. આ છિદ્રો રક્ષક કોષો દ્વારા આવરિત હોય છે. જેમને પર્ણરંધ્ર કહેવાય છે. વાહિનીઓ નળીની જેમ મૂળ, પ્રકાંડ, તેની શાખાઓ અને પર્ણમાં આવેલી હોય છે કે જેનાં દ્વારા પાણી અને ખનીજતત્ત્વોનું વહન થાય છે. તેઓ એક સળંગ માર્ગ અથવા પથ બનાવે છે જેથી પોષકતત્ત્વો પર્ણ સુધી પહોંચે છે. પર્ણમાં લીલું રંજકદ્રવ્ય આવેલું હોય છે. જેને હરિતદ્રવ્ય કહે છે તે પર્ણને સૂર્ય – ઊર્જાનું

શોષણ કરવામાં મદદરૂપ થાય છે. આ ઊર્જા કાર્બન ડાયોકસાઈડ અને પાણીમાંથી ખોરાક બનાવવામાં વપરાય છે. આમ, સૂર્ય પ્રકાશની હાજરીમાં ખોરાકનું સંશ્લેષણ થતું હોવાથી તેને પ્રકાશ સંશ્લેષણ કહેવાય છે.

પ્રશ્ન 1 : પર્ણોમાં છિદ્રો કેમ હોય છે ?

પ્રશ્ન 2 : પર્ણરંધ્રનું મુખ્ય કામ શું છે ?

પ્રશ્ન 3 : પર્ણ એ વનસ્પતિમાં ખોરાક બનાવવાનાં કારખાનાં છે. કેવી રીતે ?

પ્રશ્ન 4 : ફકરામાં આવતા તમે જાણતા હોય તેવા શબ્દોના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દ આપો : જેમ કે, પર્ણ – પાન, પાદડું

## 7. પ્રવૃત્તિ : જો... તો ... તા. વ્યક્તિગતકાર્ય

- વિષય પર વિચારીને પાંચ વાકય લખી વર્ગ સમક્ષ રજૂ કરો.

1. જો તમને ફિલ્મમાં કામ કરવાનો મોકો મળે તો ......

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. જો ગામમાં કુદરતી હોનારત સર્જાય તો......

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 8. પ્રવૃત્તિ : વાંચો અને શબ્દોનાં લિંગ બદલો તા. જૂથકાર્ય

- ફકરો ધ્યાનપૂર્વક વાંચો અને તેમાં આવતા જરૂરી શબ્દોનું લિંગ પરિવર્તન કરી ફરીથી વાંચો.

મીનીના બાપ મોટા પંડિત હતા. મીની એટલે બિલાડી નહિ, પણ એક છોકરીનું નામ. તે છોકરીની આંખ માંજરી હતી, એટલે તેની ફોઈએ તેનું નામ મીની પાડયું હતું. સાંજ થાય અને મીની એની મા ને કહે : મા, એક વાર્તા કહે.

## 9. પ્રવૃત્તિ : અલગ પડતો શબ્દ શોધો તા. જૂથકાર્ય

- આપેલ ચાર શબ્દોનાં જૂથમાં એક શબ્દ અન્ય શબ્દ કરતાં જુદો પડે છે. તેને ઓળખો અને જૂથમાં ચર્ચા કરી અલગ તારવો. અલગ તરી આવતા શબ્દના ફરતે વર્તુળ કરો. અને તે શા માટે અલગ પડે છે તે વર્ગ સમક્ષ રજૂ કરો.

| | | | |
|---|---|---|---|
| 1. ચીકુ | મોસંબી | કેળાં | નારંગી |
| 2. વાહ ! | ઓહો ! | અરે ! | બરાબર ! |
| 3. ન્યૂયોર્ક | ઈસ્લામાબાદ | ઢાકા | લંડન |
| 4. સુંદર | ભારે | મહાન | આશા |
| 5. વેદના | પીડા | દુઃખ | ક્રોધ |

## આઠમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્ય તા. જોડીકાર્ય

- આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી કહો.

ઉદા. આકાશ, પતંગો

આકાશમાં ઊંચે ઊંચે ઉડતાં રંગબેરંગી પતંગો વિવિધતામાં એકતા સૂચવે છે.

| શબ્દો | વાક્ય |
|---|---|
| પાણી, સ્વચ્છ | |
| ગુલાબ, બગીચો | |
| રંગોળી, રંગ | |
| તસ્વીર, સુંદર | |
| રાત, આકાશ | |

### 2. પ્રવૃત્તિ : શું શાના જેવું ? તા. જોડીકાર્ય

- ઉદાહરણ પ્રમાણે લખો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણઃ- કાળું - નાગ જેવું

પીળું - ________

ધોળું - ________

રાતું - ________

લાલ - ________

ભુરું - ________

લીલું - ________

ઊજળું - ________

કેસરિયું - ________

**3. પ્રવૃત્તિ : વાંચો અને લખો તા. જોડીકાર્ય**

- ધોરણ-7ના સામાજિક વિજ્ઞાન પ્રથમસત્રના પાઠયપુસ્તકના પાના નં. 46 પરના વિધાનસભા પાઠના ભારતના દરેક રાજયમાં 'વિધાનસભા' ......... વિધાનસભાગૃહ. ફકરાનું શાંત વાચન કરી પૂછેલ પ્રશ્નોના ઉત્તર લખો.
  1. ગાંધીનગર વિશે ત્રણ વાક્યોમાં ચર્ચા કરીને રજૂ કરો.
  2. શાળામાં થયેલી બાળસંસદની ચૂંટણીનો તમારો અનુભવ જણાવો.
  3. વિધાનસભાગૃહ કયાં આવેલું છે ? અને તેનું નામ શું છે ?
  4. વિધાનસભાની ચૂંટણી કેટલાં વર્ષે થાય છે ? તેટલી તાળી પાડો.

**4. પ્રવૃત્તિ : પ્રશ્નો પૂછી પ્રસંગ / ઘટના આગળ વધારો તા. જૂથકાર્ય**

જૂથ બનાવો અને પ્રશ્નો પૂછી ચર્ચા કરી આપેલ ઘટના / પ્રસંગ આગળ વધારો.

- સેજલ બસમાં બેસીને મામાના ઘરે જવા નીકળી

______________________________

______________________________

______________________________

______________________________

- દરેક જૂથમાંથી કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ વર્ણનની રજૂઆત કરો.

**5. પ્રવૃત્તિ : વાંચો અને શોધો તા. જોડીકાર્ય**

- વાકયો વાંચો અને જોડીમાં ચર્ચા કરીને તેમાંથી સંજ્ઞા તથા વિશેષણ તારવો.
  1. હિમાલયમાંથી નીકળતી ગંગા ભારતની પવિત્ર નદી છે.
  2. પ્રેમાળ માતા-પિતાએ વહાલી પુત્રીની પાંચમી વર્ષગાઠની ભવ્ય પાર્ટી આપી.
  3. હિંસક સિંહે હાથમાં આવેલા ગરીબ બ્રાહ્મણનો શિકાર ઉદારતા દાખવી જતો કર્યો.

**6. પ્રવૃત્તિ : સૂચના પ્રમાણે કરો તા. જૂથકાર્ય**

- સૂચના પ્રમાણે કરો અને તમારા ઉત્તર વર્ગ સમક્ષ રજૂ કરો.
  1. આ પ્રાણીઓને કદના ઊતરતા ક્રમમાં ગોઠવી ચોથા ક્રમે શું આવશે લખો ________

  ☐ ઉંદર ☐ કૂતરો ☐ બિલાડી ☐ સસલું ☐ ગરોળી

  2. A, H, I, Cમાંથી કયો વર્ણ જુદો પડે છે ? ________

3. આ વાક્યના છેલ્લા શબ્દનો વચલો અક્ષર દર્શાવો. _____________
4. જો બજારમાં બે રૂપિયાની ત્રણ મોસંબી અને 100 પૈસામાં ત્રણ ચીકુ મળતાં હોય તો 100 મોસંબીની કિંમતમાં કેટલાં ચીકુ મળશે ? _________
5. કાગડો, કાબર, કોયલ, કબૂતર, કૂકડો ______ ને શબ્દકોશના ક્રમમાં ગોઠવતા મધ્યમાં કયો શબ્દ આવશે ? _______

| **7. પ્રવૃત્તિ : માત્ર એક મિનિટ** | **તા.** | **સમૂહકાર્ય** |
|---|---|---|

- શિક્ષક રૂમાલનો દડો બનાવી વિદ્યાર્થીની વિરુધ્ધ દિશામાં મોં રાખી દડો ફેંકશે. જે વિદ્યાર્થી પર કે તેની નજીક દડો પડે તે વિદ્યાર્થી બોર્ડ પર એક વિષય લખશે અને અન્ય વિદ્યાર્થી પર દડો ફેંકી લખેલ વિષય પર એક મિનિટ માટે બોલવાનું કહેશે. વર્ગના અન્ય વિદ્યાર્થીઓ બોલી રહેલ વિદ્યાર્થીઓના કથનને સાંભળશે અને તેમાં રહેલ ભાષાકીય ભૂલોને શોધી ઑબ્જેક્શન કહી અટકાવશે. વકતાએ કયાં ભૂલ કરી છે તે શિક્ષકને જણાવશે. જો ભૂલ સાચી હોય તો શિક્ષક સસટેઈન (બરાબર) કહી તે વિદ્યાર્થીને બોલવાની તક આપશે અને જો ભૂલ યોગ્ય ન જણાય તો ઓવરરૂલ (નકાર) કહી વકતા વિદ્યાર્થીને બાકીની સેકન્ડ્સ માટે બોલવાની તક આપશે. પ્રત્યેક મિનિટે વિષય બદલાશે.

નમૂનાના વિષયો :

1. એક રમૂજી ઘટના
2. આદર્શ વિદ્યાર્થી
3. મારી શાળા
4. મારું ગામ

| **8. પ્રવૃત્તિ : ઉખાણાં રચો.** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આપેલ ઉદાહરણ જોઈ અન્ય પક્ષીનું ઉખાણું જાતે રચો અને અન્ય જોડીને પૂછો.

ઉદાહરણ:-

| | |
|---|---|
| 1. લીલો મારો રંગ છે, | 2. ____________________ |
| લાલ મારી ચાંચ છે, | ____________________ |
| મીઠું – મીઠું બોલું છું, | ____________________ |
| બોલો હું કોણ ? | ____________________ |
| [ ] | [ ] |

## 9. પ્રવૃત્તિ : ચાલો મગજ કસીએ  તા.  જૂથકાર્ય

- સૌથી નજીકનો અર્થ દર્શાવતા વાકયની સામે ખરાની નિશાની કરો અને તમારો ઉત્તર વર્ગ સમક્ષ રજૂ કરોઃ-

વિધાનઃ-ગાજ્યા મેહ વરસે નહીં.

1. ગાજવીજ થતી હોય તો ઘરેથી છત્રી લઈને નીકળવું. ☐
2. આકાશમાં જેમ ગડગડાટ વધુ તેમ વરસાદ વધુ. ☐
3. ગાજવીજ થતી હોય તો વરસાદથી પલળવાની ચિંતા કરવી નહિ. ☐
4. ગાજવીજ થતી હોય તો વરસાદ થાય જ. ☐

# નવમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્ય તા. જોડીકાર્ય

- આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

ઉદાહરણઃ- દરિયા, ડુંગર

દરિયામાં પાણીનાં ડુંગર ડુંગર જેવડાં મોજાં ઉછળતાં હતાં.

| શબ્દો | વાક્ય |
|---|---|
| મીઠું, રસોઈ | |
| ઝરણું, પર્વત | |
| તોરણ, આસોપાલવ | |

## 2. પ્રવૃત્તિ : વાંચો અને લિંગ બદલો તા. જૂથકાર્ય

- ફકરો ધ્યાનપૂર્વક વાંચો અને તેમાં આવતા જરૂરી શબ્દોનું લિંગ પરિવર્તન કરી ફરીથી વાંચો.

યુવક પાસે આવ્યો એટલે દુકાનમાં બેઠેલા વૃદ્ધે કહ્યું, યુવક, પેલી સ્ત્રીએ કામ આપવાની ના પાડી તો પણ તું ખુશ રહી શકયો એ વાત જ મને ખૂબ સ્પર્શી ગઈ છે. આથી હું તને કામ આપવા તૈયાર છું.

## 3. પ્રવૃત્તિ : વિધાન પરથી શબ્દ તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, નાના જૂથમાં વિભાજિત થઈ આપેલાં વિધાનો વાંચો અને ત્યારબાદ જૂથમાં ચર્ચા કરી તે વિધાનોને આધારે શબ્દ લખો.

1. હું ક્રિયાના અર્થમાં વિશેષતા લાવનાર શબ્દ છું. ___________
2. હું વેચાણ કિંમતમાંથી મૂળ કિંમત બાદ કરતાં પ્રાપ્ત થાઉં છું. ________
3. હું ત્રણ રેખાખંડોથી બનેલો એક સાદો બંધ વક્ર છું
4. ભૂમિમાં રહેલા સડેલા મૃત ઘટકો. _________
5. સજીવો દ્વારા ખોરાક ગ્રહણ કરવાની અને શરીર દ્વારા તેને ઉપયોગમાં લેવાની પ્રક્રિયા. _

___________

જૂથ દીઠ કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરે.

## 4. પ્રવૃત્તિ : ક્રમમાં ગોઠવો તા. જોડીકાર્ય

- પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવી કાવ્યપંક્તિ વર્ગ સમક્ષ રજૂ કરો.

| | |
|---|---|
| 1. પળ પળ તારા દર્શન થાયે<br>મંદિર તારું વિશ્વ રૂપાળું<br>દેખે દેખનહારા રે<br>સુંદર સર્જનહારા રે | ______<br>______<br>______<br>______ |
| 2. વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ<br>ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ<br>સરખો એ પ્રેમનો પ્રવાહ રે<br>માડીનો મેઘ બારેમાસ રે | ______<br>______<br>______<br>______ |

## 5. પ્રવૃત્તિ : વિશેષણપૂર્તિ તા. જોડીકાર્ય

- ખાલીજગ્યા પૂરો અને વર્ગ સમક્ષ આખું વાક્ય રજૂ કરો.

(કડકડતી, ગડગડાટ, કાળઝાળ, બળબળતો, ગુલાબી, મુશળધાર, મંદ – મંદ, સોનાવરણી, સડસડાટ, તોફાની)

1. ચોમાસું જામ્યું હતું.______ વરસાદ પડતો હતો.
2. ________ ગરમી હતી, રસ્તો બરાબર તપ્યો હતો.
3. સમુદ્ર આજે ______ થયો છે. માછીમારો પોતાના ઘરે ઉપડયા.
4. સવારની ________ ઠંડી મને પ્રફુલ્લિત કરે છે.
5. વરસાદ આવ્યો અને સીમ _______ બની.
6. ખૂબ શાંતિ છવાઈ ગઈ. ફકત __________ પવન વાતો હતો.
7. ________ ઠંડીમાં અનિલ ઠરી ગયો.
8. બધાં જ પ્રાણીઓ ઝાડ નીચે ગોઠવાઈ ગયાં. ______ તાપ હતો માટે.
9. ________ કરતો એ દોડયો ને અથડાઈ ગયો.
10. વાદળોનો _______ બતાવે છે કે ચોક્કસ વધુ વરસાદ પડશે.

## 6. પ્રવૃત્તિ : તમે સમજ્યા? તા. જૂથકાર્ય

- નીચે આપેલો ફકરો ધ્યાનથી વાચો અને તેના પ્રશ્નોના ઉત્તર ચર્ચા કરી નોંધો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

તાપમાન, ભેજનું પ્રમાણ, વરસાદ, પવનની ઝડપ વગેરેના સંદર્ભમાં કોઈ સ્થળના વાતાવરણની પરિસ્થિતિને તે સ્થળનું હવામાન કહે છે. દિન - પ્રતિદિનના હવામાનમાં ફેરફાર હોય છે. દિવસના ભાગમાં બપોર પછીનું તાપમાન મહત્તમ હોય છે અને વહેલી સવારે તાપમાન ન્યૂનતમ હોય છે. હવામાનમાં થતા સઘળા ફેરફાર સૂર્યને આભારી છે. લગભગ ૨૫ વર્ષ જેટલા લાંબા સમયગાળામાં મળતા હવામાનના માળખાને તે સ્થળની આબોહવા કહે છે. પૃથ્વી પરના ધ્રુવપ્રદેશ અને વિષુવવૃત્તીય પ્રદેશો વિકટ આબોહવાની પરિસ્થિતિવાળા પ્રદેશો છે. ધ્રુવીય પ્રદેશ વર્ષ દરમિયાન ખૂબ જ ઠંડક ધરાવે છે, ત્યાં છ માસ સુધી સૂર્ય આથમતો નથી અને બાકીના છ માસ સુધી સૂર્ય ઊગતો નથી. ધ્રુવ પ્રદેશમાં રહેતાં પ્રાણીઓ, સફેદ રૂવાટીવાળાં, ગંધ પ્રત્યેની તીવ્ર સંવેદના, ચામડીની નીચે ચરબીનું સ્તર, પહોળા અને લાંબા પંજા વડે તરવાની કે ચાલવાની ખાસ લાક્ષણિકતા વડે અનુકૂલન સાધે છે. વિષુવવૃત્તીય વર્ષાવનમાં અનુકૂળ આબોહવાકીય સ્થિતિને લીધે છોડ – વૃક્ષ તથા પ્રાણીઓ મોટી સંખ્યામાં મળી આવે છે. વિષુવવૃત્તીય વર્ષાવનમાં રહેતાં પ્રાણીઓને અનુકૂલન મેળવવા માટે તેઓ વૃક્ષ પર નિવાસ, મજબૂત પૂંછડીનો વિકાસ, લાંબી અને મોટી ચાંચ, ચમકદાર રંગ, તીક્ષ્ણ ભાત, મોટો અવાજ, ફળોનો ખોરાક, સંવેદનશીલ ધ્વનિપરખ, તીક્ષ્ણ નજર, જાડી ચામડી, શિકારીથી બચવા ચામડીનો રંગ બદલવાની ક્ષમતા વગેરે લાક્ષણિકતાઓ ધરાવે છે.

પ્રશ્ન 1 : ધ્રુવપ્રદેશમાં ફરવા જવા માટે તમારે કયા પ્રકારનાં કપડાં જોઈશે ?

પ્રશ્ન 2 : કયા વિસ્તારમાં ફરવા જતાં તમારે છત્રીની જરૂર પડશે ?

પ્રશ્ન 3 : કયા વિસ્તારમાં ફરતી વખતે તમને વધારે પ્રમાણમાં વૃક્ષ અને પ્રાણીઓ મોટી સંખ્યામાં જોવા મળશે ?

પ્રશ્ન 4 : હું મજબૂત પૂંછડીવાળું પ્રાણી છું તો મારો નિવાસ કયાં હશે ?

પ્રશ્ન 5 : અમે ઠંડા પ્રદેશનાં પ્રાણીઓ છીએ તો અનુકૂલન માટે અમારી લાક્ષણિકતાઓ કઈ ?

પ્રશ્ન 6 : તમારા શબ્દોમાં મારો પરિચય લખો.

(1) હવામાન (2) આબોહવા (3) ધ્રુવીય પ્રદેશ

## 7. પ્રવૃત્તિ : વાક્યવિસ્તાર  તા.  સમૂહકાર્ય

- શિક્ષક વિદ્યાર્થી સમક્ષ એક નાનું વાકય રજૂ કરશે. વિદ્યાર્થીઓ એક શબ્દ કે શબ્દસમૂહ ઉમેરી અર્થપૂર્ણ રીતે વાકયનો વિસ્તાર કરશે. મહત્તમ કક્ષાએ વાકયવિસ્તાર થયા પછી શિક્ષક પ્રથમ વાકયને અનુરૂપ બીજું નાનું વાકય રજૂ કરશે.

ઉદાહરણઃ-

શિક્ષક : એક રાજા હતો.
વિ. 1 : એક દયાળુ રાજા હતો.
વિ. 2 : એક નગરમાં એક દયાળુ રાજા હતો.
વિ. 3 : પ્રાચીન સમયમાં .........
મહત્તમ વિસ્તાર થયા બાદ.
શિક્ષક : એક દિવસ રાજા જંગલમાં ગયો.
વિદ્યાર્થીઓ ક્રમશઃ ઉમેરશે.

## 8. પ્રવૃત્તિ : જુદું પડતું શોધો  તા.  જૂથકાર્ય

આપેલ શબ્દોમાંથી જુદો પડતો શબ્દ શોધો.

1. આકાશ, પર્વત, દરિયો, વિશાળ
2. ડહાપણ, હોશિયારી, શાણપણ, ચતુર
3. ચંદ્ર, રાત, શ્વેત, પ્રકાશ
4. મહેનત, કઠોર, પરિશ્રમ, ઉદ્યમ
5. પવિત્ર, ગંગા, મોટી, ઠંડી

## 9. પ્રવૃત્તિ : ચાલા, મગજ કસીએ  તા.  જૂથકાર્ય

- વિધાન વાંચીને જવાબ શોધો.

વિધાનઃ- જંગલમાંથી સિંહનો મૃતદેહ મળી આવ્યો. તેના પર કયાંય ઘાનાં નિશાન ન હતાં. તો તે સિંહ કેવી રીતે મરી ગયો હશે ?

1. તેણે ઝેરી વનસ્પતિ ખાધી હશે. ☐
2. સિંહણે તેને મારી નાખ્યો હશે. ☐
3. શિકારીએ તેનો શિકાર કર્યો હશે. ☐
4. સિંહ વૃદ્ધ થઈને મર્યો હશે. ☐

## દસમું અઠવાડિયું

**1. પ્રવૃત્તિ : સાંભળો અને કહો તા. જૂથકાર્ય**

વિદ્યાર્થીમિત્રો, તમે ચાર – ચારના જૂથમાં બેસો. ત્યારબાદ આપેલ ત્રણ વાકયોને વારફરતી આઠ વાર સળંગ ઝડપથી બોલવાનો પ્રયત્ન કરો. આ સમયે દરેક જૂથમાં રહેલા જૂથનેતાઓ તેમના જૂથના સભ્યો ભૂલ વગર ઝડપથી વાકયો બોલે તેનું ધ્યાન રાખશે.

1. કાચો પાપડ, પાકો પાપડ
2. પકે પેડ પર પકા પપીતા
   પકા પેડ યા પકા પપીતાં
3. ફાલસે કા ફાસલા

**2. પ્રવૃત્તિ : વાંચો અને શબ્દોનાં લિંગ બદલો તા. જોડીકાર્ય**

ફકરો ધ્યાનપૂર્વક વાંચો અને તેમાં આવતા જરૂરી શબ્દોનું લિંગ પરિવર્તન કરી ફરીથી વાંચો.

વાણિયાના હરખનો પાર ન રહ્યો. એને થયું કે આ ડાઘિયાને હવે વહેલો છૂટો કરીને એના ધણી ભેગો કરી દેવો જોઈએ. લાખાને જે પૈસા ધીર્યા છે એથી અનેકગણું ડાઘિયાએ મને બચાવી આપ્યું. વાણિયાએ આ બધી વાત ચિઠ્ઠીમાં લખી તે કૂતરાની કોટે બાંધી તેને વિદાય કર્યો.

**3. પ્રવૃત્તિ : સૂચના પ્રમાણે કરો તા. જૂથકાર્ય**

સૂચના પ્રમાણે કરો અને તમારા ઉત્તર વર્ગ સમક્ષ રજૂ કરો.

1. કૂતરું, હરણ, ઘોડો, બિલાડી, ઊંટ, ભેસ, હાથી, વ્હેલને વજનના ચઢતા ક્રમમાં ગોઠવતા છેલ્લેથી બીજા ક્રમે શું આવે ? ______
2. એક ખુરશીને 178 રૂ.માં વેચતા 12રૂ. ખોટ જાય તો તે ખુરશીની મૂળ કિંમત કેટલી ?

   __________
3. 50 મીટર લાંબા તારના એક એક મીટરના 50 ટુકડા કરવા માટે તારને કેટલી વખત કાપવો પડે ? ______
4. અનિલ સુમન કરતાં મોટો છે, પણ ભૈરવી જેટલો નહિ તો ત્રણેયમાંથી સૌથી મોટું કોણ ?

   __________
5. એક વ્યક્તિને ખૂબ જૂનો સિક્કો મળ્યો તેના પર સાલ કોતરેલી હતી. ઈ. સ. પૂર્વ 105 તે સિક્કો સાચો હશે કે ખોટો ? શા માટે ? __________

## 4. પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્ય તા. જોડીકાર્ય

આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવવા કહો.

ઉદાહરણઃ- નદી, છલકાતી

વરસાદ આવતાં નદી છલકાતી મલકાતી વહેવા લાગે છે.

| શબ્દ | વાક્ય |
|---|---|
| ડુંગર,ઝરણું | |
| મેદાન, રમત | |
| લાકડી, વૃક્ષ | |

## 5. પ્રવૃત્તિ : ઉખાણાં રચો તા. જૂથકાર્ય

આપેલ ઉદાહરણ જોઈ અન્ય શાકભાજીનું ઉખાણું જાતે રચો અને અન્ય જૂથને પૂછો.

1. ગોળ - ગોળ શરીર મારું
   લાલ - લાલ ચામડી
   ખાટું બની લોહી વધારું
   બોલો હું કોણ ?
   [ ]

2. ______________________
   ______________________
   ______________________
   ______________________
   [ ]

## 6. પ્રવૃત્તિ : ચાલો, શોધીએ તા. જૂથકાર્ય

સામાજિક વિજ્ઞાન (પ્રથમ સત્ર) પાન નં. ૧ પર આપેલા ફકરામાંથી એવા શબ્દો શોધો જેના સમાનાર્થી શબ્દો તમે જાણતા હોવ. જૂથમાં ચર્ચા કરી તે શબ્દો અને તેના અર્થ નોંધો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ફકરોઃ- રાજ્યના સમગ્ર ........... ભોજનને પણ ભૂલી જતો.

ઉદાહરણઃ- જાતે – પોતે

## 7. પ્રવૃત્તિ : ક્રમમાં ગોઠવો તા. જૂથકાર્ય

પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવી કાવ્યપંક્તિઓ વર્ગ સમક્ષ રજૂ કરો.

1. જીવન અંજલિ થાજો
   તરસ્યાનું જળ થાજો
   ભૂખ્યાં કાજે ભોજન બનજો,
   દીન દુ:ખિયાનાં આંસું લોતાં
   મારું જીવન અંજલિ થાજો
   અંતર કદી ના ધરાજો

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. મુજ જીવનનું અર્ધ્ય રહે ______________
   ગુણથી ભરેલા ગુણીજન દેખી ______________
   એ સંતોના ચરણકમળમાં ______________
   હૈયું મારું નૃત્ય કરે. ______________

## 8. પ્રવૃત્તિ : જુદું પડતું શોધો તા. જૂથકાર્ય

આપેલ શબ્દોમાંથી જુદો પડતો શબ્દ શોધો.

1. સુંદર, જાજરમાન, વ્યવસ્થિત, અતિશય
2. પ્રામાણિકતા, પ્રસિદ્ધિ, ઉન્નતિ, સુખી
3. ઝડપી, ગતિ, ત્વરિત, ધીમો
4. લીલો, લાલ, ચળકતો, પીળો
5. પાંખ, ચાંચ, પગ, ઊડવું.

## 9. પ્રવૃત્તિ : હાસ્ય રસ તા. જૂથકાર્ય

નીચેના ટુચકા વાંચી પ્રશ્નોના જવાબ આપો

(1) લલિતાદાદી : "બૅંકમાંથી પેન્શન તો લઈ આવો."

જેઠાદાદા : "કાલે જઈશ, આજે શુકન સારા નથી."

લલિતાદાદી : "સારું તો બજારમાંથી શાકભાજી તો લઈ આવો"

જેઠાદાદા : "આજે નહીં, આજે શુકન સારા નથી."

લલિતાદાદી : "અરે ! દરજીને ત્યાંથી કપડાં લાવવાના છે."

જેઠાદાદા : "અરે ! કીધુંને આજે શુકન સારાં નથી."

લલિતાદાદી : "સારું ! વેકેશન પૂરું થવા આવ્યું છે, તમારા બંટીએ એની સ્કૂલનું ગૃહકાર્ય નથી કર્યું, જરા તેને તે પૂરું કરાવી આપો, નહીંતર તે પાછળનું બધું ભૂલી જશે."

બાજુમાં ઊભેલો બંટી બોલ્યો : "અરે દાદી ! તમને કહ્યુંને આજે શુકન સારા નથી."

પ્રશ્ન : 1 – સારું કામ કરવા માટે શુકન જોવા જરૂરી છે ?

પ્રશ્ન : 2 – તમે જાણતા હોય તેવી શુકન સાથે જોડાયેલી બે અંધશ્રદ્ધાઓ લખો.

(2) નવજાત બાળકીને જોઈને ફોઈ બોલી : "રંગ તો આનો ભાઈ જેવો છે."

માસી બોલી : "આંખ, નાક અને મોં દીદી જેવા છે."

ચાર વર્ષની ટીના બન્નેની વાતો સાંભળી રહી હતી. તે બોલી : "અને દાંત દાદી જેવા છે."

પ્રશ્ન : 1 – નવજાત બાળકીના દાંત દાદી જેવા છે એવું શા માટે કહ્યું ?

# અગિયારમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્ય  તા.  જૂથકાર્ય

"**વરસાદ**" સંબંધિત પાંચ શબ્દો લખો અને તે શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણઃ- વીજળી, અનરાધાર, છત્રી, ઘનઘોર, ભીંજાવું.

- ઘનઘોર વાદળોમાંથી વીજળીના કડાકા સાથે પડતા અનરાધાર વરસાદમાં છત્રી લઈને નીકળીએ તો પણ ભીંજાઈ જવાય.
- આવું 'ખેતર', 'જંગલ' જેવા વિષયો લઈ વાક્યો બનાવો.

## 2. પ્રવૃત્તિ : ઉખાણાં રચો  તા.  જૂથકાર્ય

આપેલ ઉદાહરણ જોઈ અન્ય વ્યવસાયકારનું ઉખાણું જાતે રચો અને અન્ય જૂથને પૂછો.

1. ચામડા સાથે નાતો મારો
   ચંપલ સૌનાં સીવું,
   બૂટ પણ સીવું મજાના
   બોલો હું કોણ ?

2. ______________________
   ______________________
   ______________________
   ______________________

## 3. પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર  તા.  સમૂહકાર્ય

1. એક માણસ પાસે ૩૦ નારિયેળથી ભરેલી ૩ કોથળીઓ હતી. તેણે 30 જકાતનાકામાં દરેક કોથળી દીઠ એક નારિયેળ આપવું એવું નક્કી થયું. આમ છતાં તેની પાસે 25 નારિયેળ વધ્યાં. કેવી રીતે ? આવા અન્ય કોયડાઓ શોધી આંતરજૂથ રમત રમો.

## 4. પ્રવૃત્તિ : પ્રશ્નો પૂછી પ્રસંગ / ઘટના આગળ વધારો  તા.  જૂથકાર્ય

જૂથ બનાવો અને પ્રશ્નો પૂછી ચર્ચા કરી આપેલ ઘટના / પ્રસંગ આગળ વધારો.

- હું મિત્રો સાથે મેળામાં ગયો............................

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

- દરેક જૂથમાંથી કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ વર્ણન કરશે.

## 5. પ્રવૃત્તિ : વિશેષણપૂર્તિ ता. જોડીકાર્ય

કૌંસમાં આપેલ વિશેષણો ફકરામાં આપેલ ખાલીજગ્યામાં યોગ્ય સ્થાને મૂકો અને ફકરો વર્ગ સમક્ષ રજૂ કરો.

(મુશળધાર, ચીકણી, ઉબડ - ખાબડ, કડકડતી, સૂમસામ, ચળકતા, સુગંધિત, કાળઝાળ)

________ ઠંડી બાદ હવે એ ગોઝારા ગામમાં ________ ગરમી ચાલુ થઈ ગઈ હતી. __________પારાની જેમ સૂર્યનાં કિરણો ચળકતાં હતાં. ________ પુષ્પો હવે કરમાવા લાગ્યા હતાં. ખેતરો પણ જાણે ________ખંડેર જેવાં લાગતાં હતાં. ખેતરની ચીકણી માટી હવે સૂકી ભઠ ભાસતી. ગામના ________ રસ્તા પાણી તરસ્યા થઈ ગયા હતા. ગામ આખું એક જ રાહમાં હતું. હવે તો બસ, __________ વરસાદની રાહ હતી.

## 6. પ્રવૃત્તિ : કોષ્ટક આધારિત પ્રશ્નો ता. જૂથકાર્ય

કોષ્ટકમાં ભારતના જુદાં–જુદાં સાત શહેરોનું ડિસેમ્બર માસનું તાપમાન આપવામાં આવ્યું છે. જેને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

| શહેર | અમદાવાદ | દિલ્હી | મુંબઈ | ચેન્નઈ | કોલકત્તા | બેંગ્લોર | જમ્મુ |
|---|---|---|---|---|---|---|---|
| તાપમાન | $19^{o}$ C | $12^{o}$ C | $22^{o}$ C | $24^{o}$ C | $16^{o}$ C | $21^{o}$ C | $-2^{o}$ C |

પ્રશ્નો:-

1. કયા શહેરમાં જાઉં તો મારે સૌથી વધુ ગરમ કપડાં પહેરવાં પડે ?
2. બપોરે આઈસ્ક્રીમ ખાવાની મજા કયા શહેરમાં આવે ?
3. બરફના ગોળાથી રમવા માટે તમે કયા શહેરમાં જશો ?
4. મેં ગરમ ટોપી, હાથના મોજાં, પગના મોજાં, સ્વેટર પહેર્યાં છે. ઉત્તરથી દક્ષિણ તરફ જતાં કયા શહેરમાં ગરમ કપડાનું પ્રમાણ ઘટતું જશે ?
5. ચેન્નઈ ફરવા જવા મારે કેવા પ્રકારનાં કપડાં લેવાં જોઈએ ?

## 7. પ્રવૃત્તિ : સાંભળો અને કહો ता. જૂથકાર્ય

વિદ્યાર્થીમિત્રો, તમે ચાર – ચારના જૂથમાં બેસો. ત્યારબાદ આપેલ ત્રણ વાકયોને વારાફરતી આઠ વાર સળંગ ઝડપથી બોલવાનો પ્રયત્ન કરો. આ સમયે દરેક જૂથમાં રહેલા જૂથનેતાએ તેમના જૂથના સભ્યો ભૂલ વગર ઝડપથી વાક્યો બોલે તેનું ધ્યાન રાખવું.

1. પીલે પીલે પતીલે મેં, પપીતા પીલા પીલા.
2. જો જો કો ખોજો,
   ખોજો, જોજો કો
3. ઊંટ ઊંચા, ઊંટની પીઠ ઊંચી

## 8. પ્રવૃત્તિ : ચાલો, મગજ કસીએ તા. જોડીકાર્ય

યોગ્ય કારણ માટે ☐માં ખરાની નિશાની કરો અને તમારો ઉત્તર વર્ગ સમક્ષ રજૂ કરો.

- વિધાનઃ- પોસ્ટ ઑફિસના ડબ્બાનો રંગ લાલ હોય છે, કારણ કે .......

1. લાલ રંગ શુકનિયાળ હોય છે. ☐
2. લાલ રંગ પોસ્ટવાળાને ગમે છે. ☐
3. લાલ રંગ દૂરથી દેખાઈ આવે છે. ☐
4. લાલ રંગ કરવો ઓછો ખર્ચાળ હોય છે. ☐

## 9. પ્રવૃત્તિ : શબ્દ રચો તા. જોડીકાર્ય

નીચે એક અંગ્રેજી શબ્દ આપેલ છે. તેના મૂળાક્ષરોનો એક કરતાં વધુ વખત ઉપયોગ કરી નવા શબ્દો રચો.

શબ્દઃ- Railway Station

ઉદા. Start

# બારમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : ઝેરી દડો તા. વ્યક્તિગતકાર્ય

સંગીત વાગવાનું બંધ ન થાય ત્યાં સુધી દડો ક્રમશઃ તમારા પાડોશીના હાથમાં આપતા જાઓ. સંગીત અટકે ત્યારે જેના હાથમાં દડો હોય એ વિદ્યાર્થી આગળ આવી જાદુઈપેટીમાંથી ચિઠ્ઠી ઉપાડશે. તેમાં લખેલા શબ્દનું શાંત વાચન કરી અભિનય કરશે. બાકીના મિત્રો અભિનય ઓળખી ક્રિયાપદ કહેશે.

ઉ. દા.:- જોરથી કૂદો – વિદ્યાર્થી એક સ્થાને જોરથી કૂદશે.

1. રડો
2. અટ્ટહાસ્ય
3. રમો
4. જમો
5. ચાલો
6. દોડો

## 2. પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્ય તા. જૂથકાર્ય

આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો. વિધાન 4,5,6માં શબ્દ પણ તમે જ મૂકો.

ઉ.દા. માતા પિતા — માતા – પિતા બાળકનો ઉછેર કરી સંસ્કારઘડતરનું કામ કરે છે.

1. બહેન ____________ ______________________________
2. દાદા ____________ ______________________________
3. થેલી ____________ ______________________________
4. ____________ ______________________________
5. ____________ ______________________________
6. ____________ ______________________________

**3. પ્રવૃત્તિ : બિલ સમજીએ તા. વ્યક્તિગતકાર્ય**

નીચે આપેલા બિલનો અભ્યાસ કરીને પ્રશ્નોના જવાબ આપો.

| Jay Mobile Store | | | | |
|---|---|---|---|---|
| Cash Memo | | | | |
| Name : Rahul Diwan | | Date : 21/05/2018 | | |
| No. | Items | Qty. | Rate | Amount |
| 1 | Sun Mobile | 2 | 4000 | 8000/- |
| 2 | Mobile Cover | 5 | 100 | 500/- |
| 3 | Memory Card – 32 GB | 3 | 450 | 1350/- |
| | | Total | | 9850/- |

1. બિલમાં કેટલી વસ્તુઓનો સમાવેશ થયો છે ?
2. એક મોબાઈલ કવરની કિંમત શી છે ?
3. રાહુલે મોબાઈલ ક્યારે ખરીદ્યો હતો ?
4. કેશમેમોને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
5. જો રાહુલ માત્ર બે જ મેમરી કાર્ડ ખરીદે તો બિલની કુલ રકમ કેટલી થાય ?

**4. પ્રવૃત્તિ :ચાલો, શોધીએ તા. જૂથકાર્ય**

સામાજિક વિજ્ઞાન (પ્રથમસત્ર) પાન નં.-14 પર આપેલા ફકરામાંથી એવા શબ્દો શોધો, જેના વિરુદ્ધાર્થી શબ્દો તમને આવડતા હોય. જૂથમાં ચર્ચા કરી તે શબ્દ અને તેના વિરુદ્ધાર્થી શબ્દો નોંધો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ફકરો:- સરકારની જવાબદારી .................... (સંઘ સરકાર)ની જાણકારી મળશે.

ઉદા:- દેશ x વિદેશ

**5. પ્રવૃત્તિ : ચિત્ર પરથી વર્ણન તા. જૂથકાર્ય**

- ધોરણ-7 English (પ્રથમસત્ર) પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર આપેલા ચિત્રને ધ્યાનથી જુઓ. ચર્ચા કરી પાંચથી છ વાક્યો લખી, વર્ગ સમક્ષ રજૂ કરો.

**6. પ્રવૃત્તિ : શબ્દ ઉમેરી નાનું વાક્ય મોટું કરો તા. જૂથકાર્ય**

પહેલા અને છેલ્લા શબ્દ વચ્ચે ક્રમિક એક – એક નવા શબ્દો ઉમેરી નાનાથી મોટાં પાંચ વાક્યો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- આજે _______ વરસાદ પડયો.

1. આજે સવારે વરસાદ પડ્યો.

2. આજે સવારે અમદાવાદ શહેરમાં વરસાદ પડયો.
3. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વરસાદ પડયો.
4. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડ્યો.
5. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

1. તેણે _______ અજગર જોયો.

1. ______________________________
2. ______________________________
3. ______________________________
4. ______________________________
5. ______________________________

## 7. પ્રવૃત્તિ : પાણી જ પાણી તા. જોડીકાર્ય

આપેલ કવિતા બે વિદ્યાર્થીની જોડીમાં બેસી વાંચો અને પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો.

પૂરનાં પાણી, પાણી પાણી,પાણી પાણી!

આમ છે પાણી,તેમ છે પાણી,

આગળ પાણી, પાછળ પાણીઃ

ચારે બાજુ -પાણી પાણી.

ઘરના મોભે,અડતાં પાણી,

ઝાડની ટોચેઝૂલતાં પાણી !

કોઈ કહો ને,કેટલાં પાણી ?

આભ ડૂબી જાય એટલાં પાણી!

આછાં પાણી, ડહોળાં પાણી,

ઘૂમરી લેતાં, ઊંડાં પાણી.

જ્યાં જુઓ ત્યાં પાણી પાણી!

ગામ આખાને જાય છે તાણી!

પાણી પાણી ! પાણી પાણી !

સીમમાં પાણી, ખેતરે પાણી,

મેઘરાજાની કેવી લહાણી!

પાણી પાણી!પાણી પાણી!

- ભાનુભાઈ પંડ્યા

પ્રશ્નો:-

1. એવી કંઈ પંક્તિ છે જેમાં ઘર અને ઝાડનો ઉલ્લેખ કર્યા વિના ઘર અને ઝાડથી ઉપર પાણી છે એમ સૂચવાય છે ?
2. ખરેખર આ કવિતામાં મેઘરાજાએ લહાણી કરી છે (આનંદ આનંદ કર્યો છે એવું તમે માનો છો ?)
3. કવિતામાં આવતાં વિશેષણોની યાદી બનાવો અને તેમના વિરુદ્ધાર્થી શબ્દો શોધો.

**8. પ્રવૃત્તિ : અંગ્રેજીમાં ગણિત તા. સમૂહકાર્ય**

1. અંગ્રેજીમાં A પહેલા ક્રમે છે. તેને સ્થાને તેને '5' ધારીએ તો Book શબ્દનો સરવાળો કેટલો થાય ?
2. Window શબ્દનો સરવાળો કેટલો થાય ?

## તેરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : સાંભળો અને કહો તા. જૂથકાર્ય

વિદ્યાર્થીમિત્રો, તમે ચાર – ચારના જૂથમાં વહેંચાવ. ત્યાર બાદ આપેલ ત્રણ વાકયોને વારાફરતી આઠ વખત સળંગ ઝડપથી બોલવાનો પ્રયત્ન કરો. આ સમયે દરેક જૂથમાં રહેલા જૂથનેતાએ તેમના જૂથના સભ્યો ભૂલ વગર ઝડપથી વાક્યો બોલે તેનું ધ્યાન રાખવું.

1. Lower roller, Upper roller.
2. ગાય ઘાસ ખાય, ભેંસ ઘાસ ખાય.
3. જો હંસેગા વો ફસેગા
   જો ફંસેગા વો હસેગા

### 2. પ્રવૃત્તિ : ચિત્ર પરથી વાર્તા તા. જૂથકાર્ય

ધોરણ-7 સંસ્કૃત (પ્રથમ સત્ર) પાઠ્યપુસ્તકના પા. નં. 22 અને 23 પરનાં ચિત્રોનું અવલોકન કરી વાર્તા લખો અને જૂથ દીઠ કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂ કરે.

### 3. પ્રવૃત્તિ : ભાગાકારની મજા તા. સમૂહકાર્ય

સંખ્યા શોધો

1. એવી સૌથી નાની સંખ્યા કઈ છે જેને છથી ભાગતાં પાંચ શેષ વધે, પાંચથી ભાગતાં ચાર શેષ વધે, ચાર થી ભાગતાં ત્રણ શેષ વધે, ત્રણ થી ભાગતાં બે શેષ વધે, બે થી ભાગતાં એક શેષ વધે.
2. એવી કઈ સંખ્યા છે. જેને એકથી નવમાંથી કોઈ પણ એક સંખ્યાથી ભાગીએ તો નિ:શેષ જવાબ મળે.

### 4. પ્રવૃત્તિ : શબ્દ ઉમેરી નાનું વાકય મોટું કરો તા. જૂથકાર્ય

પહેલા અને છેલ્લા શબ્દ વચ્ચે ક્રમિક એક – એક નવા શબ્દ ઉમેરી નાનાથી મોટાં પાંચ વાક્યો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- આજે _______ વરસાદ પડયો.

1. આજે સવારે વરસાદ પડ્યો.
2. આજે સવારે અમદાવાદ શહેરમાં વરસાદ પડયો.
3. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વરસાદ પડયો.

4. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડ્યો.
5. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

1. તું__________ ક્યાં ગયો હતો.

1. ____________________
2. ____________________
3. ____________________
4. ____________________
5. ____________________

## 5. પ્રવૃત્તિ : સામ્ય જણાવો તા. જોડીકાર્ય

શબ્દો વચ્ચેનું સરખાપણું શોધી વાક્યો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણઃ- પુસ્તક અને ખુરશી.

1. બંને વર્ગખંડમાં જોવા મળે છે.
2. બંને વૃક્ષની ભેટ છે.

- મોબાઈલ અને માણસ


____________________
____________________
____________________
____________________
____________________

- આંખ અને નદી

____________________
____________________
____________________
____________________
____________________

## 6. પ્રવૃત્તિ : આલેખ સમજીએ તા. જોડીકાર્ય

નીચે આપેલા આલેખનો અભ્યાસ કરીને પ્રશ્નોના જવાબ આપો.




1. કાચબો હંસ કરતાં કેટલા વરસ વધારે જીવે છે ?
2. કયા પ્રાણીનો જીવનકાળ સૌથી ટૂંકો છે ?
3. કોણ વધુ જીવે છે : વહેલ કે માણસ ?
4. ગાય કેટલાં વર્ષ જીવે છે ?
5. કોણ સો વર્ષથી વધુ જીવે છે ?

## 7. પ્રવૃત્તિ : પૂછતા પંડિત થવાય તા. સમૂહકાર્ય

નીચેની ઘટના સંબંધિત વાક્યને સમજી પ્રશ્નો પૂછી પ્રસંગ કે ઘટનાને આગળ વધારો.

કાલે ઘરમાં પાણી ભરાયા.

## 8. પ્રવૃત્તિ : વરસાદ તા. જૂથકાર્ય

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(ચટક ચટક, ઘટક ઘટક, ડબક ડબક, અટક અટક, ઘબ ઘબ, છટક છટક)

**ઘટક ઘટક**

વરસે વરસાદ આજ ટપક ટપક !

છોકરાંઓ ઝીલે એને લપક લપક !

વાદળીઓ દોડે ખુલ્લા આકાશમાં,

ઝાલું ઝાલું ને થાય ........... !

પડે વરસાદ જો ધોધમાર ધોધમાર,
ફોરાં વાગે ત્યારે ............. !
ખુલ્લા મોઢામાં ફોરાંઓ પડતાં,
પાણી પીએ સૌ .............. !
પાણીમાં છબ. છબ પાણીમાં ......,
મમ્મી લઢે તો આંખ .......... !
જાવું નિશાળ મારે આવજે કાલે,
આજે તો આટલેથી .......... !

- રામુ ડરણકર

પ્રશ્નોઃ-

1. બાળકને વરસાદમાં શું નથી ગમતું ?
2. તમે વરસાદ દરમ્યાન આ કાવ્યમાં દર્શાવેલી કઈ ક્રિયાઓ કરો છો ?

## 9. પ્રવૃત્તિ : ચાલો મગજ કસીએ તા. જોડીકાર્ય

સૌથી નજીકનો અર્થ દર્શાવતા વાકયની સામે ખરાની નિશાની કરો અને તમારો ઉત્તર વર્ગ સમક્ષ રજૂ કરો.

- વિધાનઃ- ન બોલ્યામાં નવ ગુણ.

1. શાળામાં મૌન રહેવાથી દશમાંથી નવ ગુણ મળે છે. ☐
2. ન બોલવામાં જ ડહાપણ રહેલું છે. ☐
3. મૌન રહેવું એ સારા ચારિત્ર્યની નિશાની છે. ☐
4. બોલ બોલ કરીને શાંતિ ભંગ કરવા કરતાં ન બોલવું સારું ☐

- વિધાનઃ- સમજદાર લોકો દહીં – દૂધમાં પગ રાખતા નથી

1. દહીં અને દૂધ સમજદાર લોકોને ગમે છે. ☐
2. દહીં અને દૂધ ન ખાનારા સમજદાર હોય છે. ☐
3. દહીં અને દૂધથી પગ ધોઈ શકાય છે. ☐
4. સમજદાર વ્યક્તિ એક જ સાચી દિશામાં ગતિ કરે છે. ☐

# ચૌદમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : સાંભળો અને કહો તા. જૂથકાર્ય

વિદ્યાર્થીમિત્રો, તમે ચાર – ચારના જૂથમાં વહેંચાવ, ત્યારબાદ આપેલ ત્રણ વાકયોને વારાફરતી આઠ વખત સળંગ ઝડપથી બોલવાનો પ્રયત્ન કરો. આ સમયે દરેક જૂથમાં રહેલા જૂથનેતાએ તેમના જૂથના સભ્યોને ભૂલ વગર ઝડપથી વાકયો બોલે તેનું ધ્યાન રાખવું.

વાકય:-

1. સાચું શું ? શું સાચું ?
2. Crush grapes, grapes crush
3. She sells sea shells on the sea – shore.

## 2. પ્રવૃત્તિ : સંવાદ પૂર્ણ કરો અને હસો. તા. જૂથકાર્ય

- આપેલ ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકી સંવાદ પૂર્ણ કરો. ત્યારબાદ પોતાના જૂથમાં ભજવી બતાવો.

(આટલી, યોગ્ય, મદદ, ગૃહકાર્ય, એકલા, ગૃહકાર્યલેખન, સાહેબ)

શિક્ષક- (વિદ્યાર્થીનું ગૃહકાર્ય તપાસે છે.)

તારા _______ માં ઘણી ભૂલો છે. તે પણ તું એકલો જ કરે છે. _____ બધી ભૂલો કરવી શું _____ છે?

વિદ્યાર્થી - _____ ! આ બધી ભૂલો મારા _____ ની નથી. _________ માં મારા પિતા પણ મને ________ કરે છે.

## 3. પ્રવૃત્તિ : ચાલો, શોધીએ તા. જોડીકાર્ય

- સામાજિક વિજ્ઞાન (પ્રથમ સત્ર) પાન નં. 19 પર આપેલા ફકરામાંથી એવા શબ્દો શોધો જેના વિરોધી અર્થ તમને આવડતા હોય. જોડીમાં ચર્ચા કરી તે શબ્દ અને તેના વિરુદ્ધાર્થી વર્ગ સમક્ષ રજૂ કરો.

ફકરો:- ચૌહાણ વંશના શાસકોએ ____________________________________

______________________ પછીના પ્રકરણમાં મેળવીશું.

ઉદા.:- ઉપર ×નીચે

## 4. પ્રવૃત્તિ : શબ્દ કુટુંબ તા. જૂથકાર્ય

- શબ્દની કુટુંબશ્રેણીમાં આવતા અન્ય શબ્દોની જૂથમાં ચર્ચા કરી નોંધો. વર્ગ સમક્ષ દરેક જૂથ શબ્દ કુટુંબ રજૂ કરો.

ઉદા. શાળા - શિક્ષક, વિદ્યાર્થી, વાલી, પુસ્તક, ચોક, ડસ્ટર, ખુરશી, ટેબલ, ઑફિસ, સ્ટાફ રૂમ, કમ્પ્યૂટર લેબ, અક્ષયપાત્ર

1. હોટલ:-

2. ખેડૂત:-

3. ગામડું:-

4. જંગલ:-

5. રાષ્ટ્ર:-

## 5. પ્રવૃત્તિ : નાનું વાક્ય મોટું કરો તા. જૂથકાર્ય

પહેલા અને છેલ્લા શબ્દ વચ્ચે ક્રમિક એક – એક નવા શબ્દો ઉમેરી નાનાંથી મોટાં પાંચ વાક્યો લખો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- આજે _______ વરસાદ પડયો.

1. આજે સવારે વરસાદ પડ્યો.
2. આજે સવારે અમદાવાદ શહેરમાં વરસાદ પડયો.
3. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વરસાદ પડયો.
4. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડ્યો.

5. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

- મહેમાન __________ આવ્યા.

1. ______________________________
2. ______________________________
3. ______________________________
4. ______________________________
5. ______________________________

## 6. પ્રવૃત્તિ : ભીંડાનું તો ભારે અઘરું તા. જૂથકાર્ય

સૂચનાઃ- જતીનભાઈ મમ્મીએ શીખવેલ ભીંડાના શાકની રેસિપી ભૂલી ગયા છે. તો જૂથમાં ચર્ચા કરી રેસિપીનો યોગ્ય ક્રમ વર્ગ સમક્ષ રજૂ કરો.

☐ ગેસ ચાલુ કરો.

☐ થોડી – થોડી વારે શાક હલાવો.

☐ ચપ્પુથી ભીંડા સમારો.

☐ શાકનો વઘાર કરી ભીંડા કડાઈમાં નાખો.

☐ સ્વચ્છ કપડા વડે ભીંડા લૂછો.

☐ વઘાર પછી ભીંડામાં હળદર, મીઠું નાંખો.

☐ સૌ પ્રથમ ભીંડાને પાણીથી ધોઈ નાંખો.

☐ શાક ચઢી જાય પછી મરચું ને મસાલો નાંખો.

☐ ગેસ બંધ કરી, કડાઈ ઢાંકી દો.

## 7. પ્રવૃત્તિ : સંવાદ પૂર્ણ કરો. તા. જૂથકાર્ય

- આપેલ ખાલીજગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકી સંવાદ પૂર્ણ કરો. ત્યારબાદ પોતાના જૂથમાં ભજવી બતાવો.

  (એટલે, મજબૂત, જાજરમાન, પંચોતેર, બા, મોટાભાઈ, મોભ, બાપુજી)

  (બંને ભાઈઓ વચ્ચે સંવાદ થાય છે.)

મગનભાઈઃ- નિરંતર ઉદ્યોગ ________ બા.

બા માટે એક જ શબ્દ વાપરવાનો હોય તો કહું _________ બા. નીચી – બેઠી દડીની, ________ બાંધાની.

બા ને હવે ______ થયાં. પણ લાગે નહીં.

રાકેશઃ- હા, __________ દસકા પૂર્વે ________ નું અવસાન થતાં અમારા જીવનઘરનો ઊંચો ____________ તૂટી પડ્યો હતો. પણ ______ એ બધાને કાળજીપૂર્વક સાચવી લીધા.

સાચે બા જ ઘરનો સાચો આધાર હતી.

## 8. પ્રવૃત્તિ : સામ્ય જણાવો તા. જોડીકાર્ય

શબ્દો વચ્ચેનું સરખાપણું શોધી વાક્યો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણઃ- પુસ્તક અને ખુરશી

1. બંને વર્ગખંડમાં જોવા મળે છે.
2. બંને વૃક્ષની ભેટ છે.

- ચોક અને ફૂલ

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- સ્ટેશન અને વર્ગખંડ

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 9. પ્રવૃત્તિ : હાસ્યના મોતી તા. જોડીકાર્ય

નીચે આપેલ ટુચકા વાંચો અને તેને આધારે પ્રશ્નોના જવાબ જોડીમાં શોધી વર્ગ સમક્ષ રજૂ કરો.

1. ટીનિયાએ તેના દાદી જોડે ગલીના નાકાવાળી દુકાનેથી ચોકલેટ લઈ આવવાની જીદ કરી તો દાદી બોલ્યા : મારા પગમાં દુ:ખાવો છે, હું ચાલી નથી શકતી. જો તું મને તંગ કરીશ તો હું બહુ દૂર ભગવાનના ઘરે જતી રહીશ.

   ટીનિયો:- "ગલીના નાકાની દુકાન સુધી તો ચાલી નથી શકતા, પછી બહુ દૂર ભગવાનના ઘરે કેવી રીતે જશો ?"

   પ્રશ્નો:- (૧) "ભગવાનના ઘર" નો અર્થ સ્પષ્ટ કરો.

   (૨) "તંગ કરીશ" રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

**2. રેશનિંગની દુકાને ખાંડ:**

રેશનિંગની દુકાને ખાંડ લેવા ગયેલા પપ્પુએ કાકાને પૂછયું : "આ આઉટ ઓફ સ્ટોક એટલે શું ?" કાકા : "કોઈ ચીજ હાજરમાં ન હોય તો તેને આઉટ ઓફ સ્ટોક કહેવામાં આવે છે." થોડા દિવસો પછી એક મહેમાન ઘરે આવ્યા ત્યારે ...... મહેમાન : "પપ્પુ તારી મા કયાં છે ? દેખાતી નથી " પપ્પુ : "જી, તે આઉટ ઓફ સ્ટોક છે."

પ્રશ્નો:- (૧) પપ્પુએ કરેલ ‘‘આઉટ ઓફ સ્ટોક’’ શબ્દ પ્રયોગ યોગ્ય છે? શા માટે?

(૨) મહેમાન શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

# પંદરમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : સંવાદ પૂર્ણ કરો. તા. જોડીકાર્ય

- આપેલ ખાલી જગ્યામાં કૌસમાંથી યોગ્ય શબ્દ મૂકી સંવાદ પૂર્ણ કરો. ત્યાર બાદ પોતાના જૂથમાં ભજવી બતાવો.

(ભાવતું, દૂધ, પોષણ, આહાર, ગમે, વધારે, તે, પ્રિય, છક્કા, શક્તિશાળી, દરરોજ, પણ)

મમ્મીઃ- આવ, બેટા ! બદામવાળું દૂધ પી લે તો.

બાળકઃ- (મોં બગાડીને) ના..... મમ્મી, __________ તો મને _____ નથી.

મમ્મીઃ- બેટા, સાંભળ તો ખરો, દૂધ તો સંપૂર્ણ ______ છે. એમાંથી સારું ________ મળે છે. હેં બેટા તને કઈ રમત ______ ગમે છે ?

બાળકઃ- મમ્મી, મને ક્રિકેટ વધારે _____ છે.

મમ્મીઃ- તારો _______ ક્રિકેટર કોણ છે ?

બાળકઃ- મારો પ્રિય ક્રિકેટર વિરાટ કોહલી છે.

મમ્મીઃ- તને ખબર છે ? _____ ક્રિકેટમાં ચોકકા ને ________ વધુ કેમ મારે છે ?

બાળકઃ- એની તો મને નથી ખબર.

મમ્મીઃ- બેટા, વિરાટ કોહલી _______ દૂધ પીવે છે તેથી તે ________ છે. તારે પણ શક્તિશાળી બનવું છે ?

બાળકઃ- હા, મમ્મી મારે પણ શક્તિશાળી બનવું છે. મને _____ જલદી દૂધ આપ.

## 2. પ્રવૃત્તિ : ખિસકોલી તા. સમૂહકાર્ય

આપેલ કાવ્ય વાંચી પ્રશ્નોના ઉત્તર આપો.

તું અહીંયાં રમવા આવ,

તું અહીંયાં રમવા આવ, મજાની ખિસકોલી,

તું દોડ તને દઉં દાવ, મજાની ખિસકોલી,

તું કેવી હસે ને રમે, મજાની ખિસકોલી,

તારા કૂદકા તો બહુ ગમે, મજાની ખિસકોલી.

તું જ્યારે ખિલખિલ ગાય, મજાની ખિસકોલી.

તારી પૂંછડી ઊંચી થાય, મજાની ખિસકોલી.

તારા અંગે સુંદર પટ્ટા, મજાની ખિસકોલી.

તારી ખાવાની શી છટા, મજાની ખિસકોલી.

તું ઝાડે – ઝાડે ચડે, મજાની ખિસકોલી.

કહે કેવી મજા ત્યાં પડે, મજાની ખિસકોલી.

બહુ ચંચળ તારી જાત, મજાની ખિસકોલી.

-ત્રિભુવન વ્યાસ.

1. તમને જેટલા શબ્દો યાદ રહયા હોય તે બોલો.
2. તમે ખિસકોલી સાથે કેવી રીતે મિત્રતા કરશો ?
3. ખિસકોલીને સાચવવા માટે તમે શું કરશો ?
4. "હું ખિસકોલી છું" એવું અનુભવી અભિનય સાથે પાંચ વાક્યો રજૂ કરો.

## 3. પ્રવૃત્તિ : વાંચો, ચર્ચો અને લખો તા. જૂથકાર્ય

ધોરણ – 7 વિજ્ઞાન અને ટેક્નોલોજી પાઠયપુસ્તકના પાન નં. 86 પર બોકસમાં આપેલ લખાણ વાંચો અને ત્યારબાદ નીચેના પ્રશ્નોના ઉત્તર જૂથમાં ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

1. તમને જેટલા શબ્દો યાદ રહ્યા હોય તે બોલો.
2. પાણી સાથે સંકળાયેલા શબ્દો કયા-કયા છે ? - તે બોલો.
3. લખાણમાં રહેલાં વિશેષણો બોલો અને આવાં બીજાં કેટલાંક વિશેષણો શોધો.
4. આપેલ લખાણમાં કુલ કેટલી ક્રિયાઓ થાય છે ? - તે શોધીને બોલો.

## 4. પ્રવૃત્તિ : શબ્દ ઉમેરી નાનાં વાક્ય મોટાં કરો તા. જૂથકાર્ય

પહેલાં અને છેલ્લાં શબ્દ વચ્ચે ક્રમિક – એક – એક નવા શબ્દો ઉમેરી નાનાથી મોટા પાંચ વાક્યો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- આજે _______ વરસાદ પડયો.

1. આજે સવારે વરસાદ પડ્યો.
2. આજે સવારે વડોદરામાં વરસાદ પડયો.
3. આજે સવારે વડોદરા શહેરમાં ચાર કલાક સુધી વરસાદ પડયો.
4. આજે સવારે વડોદરા શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડ્યો.

5. આજે સવારે વડોદરા શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

- ફુગ્ગાવાળો ________ફુગ્ગા વેચે છે.

1. ____________________
2. ____________________
3. ____________________
4. ____________________
5. ____________________

## 5. પ્રવૃત્તિ : શબ્દ કુટુંબ          તા.          જૂથકાર્ય

સૂચનાઃ- શબ્દની કુટુંબશ્રેણીમાં આવતા અન્ય શબ્દોની જૂથમાં ચર્ચા કરી નોંધો. વર્ગ સમક્ષ દરેક જૂથ શબ્દકુટુંબ રજૂ કરશે.

ઉદા. શાળા – શિક્ષક, વિદ્યાર્થી, વાલી, પુસ્તક, ચોક, ડસ્ટર, ટેબલ, ખુરશી, અક્ષયપાત્ર, કમ્પ્યૂટર લેબ.

1. ફૂલઃ-

2. પ્રાણીઃ-

3. ચોમાસુંઃ-

4. વાહનઃ-

5. પ્લાસ્ટિકઃ-

## 6. પ્રવૃત્તિ : વિધાન પરથી શબ્દ તા. જૂથકાર્ય

વિદ્યાર્થીમિત્રો, નાના જૂથમાં વિભાજિત થઈ આપેલાં વિધાનો વાંચો અને ત્યારબાદ જૂથમાં ચર્ચા કરી તે વિધાનને આધારે શબ્દ લખો.

1. હું નામ કે ક્રિયાપદની વિશેષતા દર્શાવતો શબ્દ છું.:- ________
2. હું પુનરાવર્તિત બાદબાકી છું. :- ________________
3. હું નામના સ્થાને વપરાતો શબ્દ છું. :- ____________
4. પદાર્થના ગરમ કે ઠંડા હોવાનું પ્રમાણભૂત માપન. :- ________
5. હું કાયદો અને વ્યવસ્થા જાળવવાનો રખેવાળ છું. :- ________

જૂથ દીઠ કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરે.

## 7. પ્રવૃત્તિ : સામ્ય જણાવો તા. જોડીકાર્ય

શબ્દો વચ્ચેનું સરખાપણું શોધી વાકયો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- પુસ્તક અને ખુરશી.

1. બંને વર્ગખંડમાં જોવા મળે છે.
2. બંને વૃક્ષની ભેટ છે.

- સ્વેટર અને ઘેટું

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- પાન અને પોપટ

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 8. પ્રવૃત્તિ : વિશેષણ તા. જોડીકાર્ય

ગુજરાતી પાઠયપુસ્તકના ધોરણ-7ના પ્રથમ સત્ર – પેજ નંબર-61 પર આપેલ પેરેગ્રાફ વાંચો અને વિશેષણવાળા શબ્દોની નીચે લીટી દોરો.

થોડી વાર પછી સામેના ષટ્કોણાકાર જેવા દરવાજામાંથી એક વિચિત્ર આકૃતિ અંદર પ્રવેશી. એ ત્રણેય પ્રથમ પૃથ્વીવાસી હતા. જે અત્યારે પરગ્રહી જીવને જોઈ રહયા હતા. વિરાટને યાદ આવ્યું ....... આ જ ઈ. ટી. એટલે કે એકસ્ટ્રા ટેરેસ્ટ્રિયલ ? એનું શરીર રાખોડી રંગના રબરમાંથી બનેલું હોય તેવું નરમ - પોચું લાગતું હતું. નાક – કાન જેવી રચના કળાતી નહોતી. આંખો કપાળથી ઘણી નીચી વિચિત્ર અને સંપૂર્ણ ગોળ હતી.

## 9. પ્રવૃત્તિ : મને ઓળખો તા. જોડીકાર્ય

નીચે આપેલ કોયડા વાંચી તેના જવાબ શોધીને વર્ગ સમક્ષ રજૂ કરો.

- પીળું પીળું પતંગિયું ને જમીનમાંથી નીકળે,
  સો ટચ સતાળું ગીની, મોંઘે ભાવે મળે. ...................

  એક ઘરને ઓરડા હાજર,
  દરેક ઓરડામાં એક ચોકીદાર,
  એક અનોખું ઘર બનાવ્યું,
  ન માટી, ન ચૂનો લગાવ્યાં. ...................

- નારી નમણી ચાલતાં,
  થાકી અટકી જાય,
  ગરદન પર ફરતાં છરી,
  ફરી ચાલતી થાય. ...................

# સોળમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દકુટુંબ તા. જૂથકાર્ય

શબ્દની કુટુંબશ્રેણીમાં આવતા અન્ય શબ્દોની જૂથમાં ચર્ચા કરી નોંધો. વર્ગસમક્ષ દરેક જૂથ શબ્દ – કુટુંબ રજૂ કરે.

ઉદા – શાળા - શિક્ષક, વિદ્યાર્થી, વાલી, પુસ્તક, ચોક, ડસ્ટર, ટેબલ, ખુરશી, ઑફિસ, સ્ટાફરૂમ, યુનિફોર્મ, અક્ષયપાત્ર, કમ્પ્યૂટર, લેબ ......

1. ચૂંટણીઃ-

2. લશ્કરઃ-

3. લેબોરેટરીઃ-

4. પ્રવાસઃ-

5. નદીઃ-

**2. પ્રવૃત્તિ : શબ્દકુટુંબ પરથી લેખન તા. જોડીકાર્ય**

તમે લખેલા કોઈ પણ એક શબ્દકુટુંબના શબ્દોનો ઉપયોગ કરી જોડીમાં ફકરો બનાવી વર્ગ સમક્ષ રજૂ કરો અને તેને એક શીર્ષક આપો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**3. પ્રવૃત્તિ : વ્યાખ્યા પરથી શબ્દ લખો. તા. જોડીકાર્ય**

નાના જૂથમાં વિભાજિત થઈ આપેલાં વિધાનો વાંચો અને ત્યાર બાદ જોડીમાં ચર્ચા કરી તે વિધાનને આધારે શબ્દ લખો.

1. ચંદ્રના કારણે સુમદ્રના પાણી પર થતી અસરઃ- ______
2. ગતિશીલ હવાઃ- _________
3. તાપમાનનું માપન કરતું સાધનઃ- _________
4. હું વાકયમાં ક્રિયા દર્શાવતો શબ્દ છુંઃ- _______
5. હું પુનરાવર્તિત સરવાળો છુંઃ- ______

જોડી દીઠ કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરે.

**4. પ્રવૃત્તિ : ડાવકાટાબ માંથી બટાકાવડા તા. જૂથકાર્ય**

રમીલાબેન બટાકાવડા બનાવવાની રીત ભૂલી ગયા છે, તો જૂથમાં ચર્ચા કરી બટાકાવડા બનાવવાની રીતના વાક્યોને ક્રમમાં ગોઠવી વર્ગ સમક્ષ રજૂ કરો.

☐ તૈયાર થયેલ મિશ્રણને ગોળ ગોળ વાળી લો.

☐ ત્યારબાદ બફાયેલા બટાકાને મસળી લો.

☐ પછી ચણાના લોટનું ખીરું તૈયાર કરો.

☐ મસળેલા બટાકામાં રાઈ અને હીંગનો વઘાર કરો.

☐ ત્યારબાદ તેને કૂકરમાં બાફવા મૂકો.

☐ તેલ ગરમ થયા બાદ ગોળાઓને ખીરામાં બોળી તળી લો.

☐ સૌ પ્રથમ બટાકા પાણીથી ધોઈ નાંખો.

☐ કૂકર ઠંડું પડતાં બટાકાને છોલી નાંખો.

☐ પછી તેમાં આદું, મરચાં, લસણ અને ગરમ મસાલો નાંખી મિશ્રણ તૈયાર કરો.

**5. પ્રવૃત્તિ : શબ્દપૂર્તિ તા. જોડીકાર્ય**

આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલીજગ્યા પૂર્ણ કરી વર્ગ સમક્ષ ફકરાનું ભાવવાહી વાચન કરો.

(એને, પરાક્રમ, સ્ટેશન, તેથી, પણ, અધૂરી, દોષ, અને, દુઃખ, મુસાફર)

અંતે _______ આવ્યું. બાપુજીએ સ્ટેશન-માસ્તરને બોલાવ્યા. __________ મારું ________ કહ્યું કે, "આ છોકરી મારી પૌત્રી છે, _______ બિચારી ભોળી-ભલી છે. હજુ મને કદાચ સમજી નહીં હોય, _______ જ આ બે ખાનાં પસંદ કર્યાં. એમાં એનો __________ નથી. દોષ મારો જ. મારી કેળવણી આટલી __________ હશે ને ? હવે મારે ________ એણે બંને એ પ્રાયશ્ચિત કરવું. એટલે આ ખાનું ખાલી કરી નાખ્યું છે. તેનો ઉપયોગ તમે વધારાના _______ લટકે છે તેને માટે કરો, અને તો મારું ______ હળવું થશે."

**6. પ્રવૃત્તિ : પાલિતાણાનો પ્રવાસ તા. વ્યક્તિગતકાર્ય**

તમારા સામાજિક વિજ્ઞાન દ્વિતીય સત્ર એકમ - 8 પેજ નંબર – 63 પરનો ફકરો વાચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

પ્રશ્ન - 1:- પાલિતાણા તીર્થ કયા જિલ્લામાં આવેલું છે ?

પ્રશ્ન - 2:- ગુજરાતમાં બીજા કયા કયા જિલ્લામાં જૈન તીર્થો આવેલાં છે ?

પ્રશ્ન - 3:- 'ઝંખના' શબ્દનો અર્થ જણાવો.

પ્રશ્ન - 4:- 'મનને ગમે તેવું' અર્થ માટે પરિચ્છેદમાં કયો શબ્દ વપરાયો છે ?

**7. પ્રવૃત્તિ : સંવાદ પૂર્ણ કરો. તા. જૂથકાર્ય**

આપેલ સંવાદમાં જે – તે શબ્દોની નીચે લીટી દોરેલ શબ્દના સ્થાને કૌસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સંવાદ પૂર્ણ કરો. ત્યારબાદ પોતાના જૂથમાં ભજવી બતાવો.

(પાણી, વખત, ખારું, દરિયાકિનારે, વેકેશન, ઘર, મિત્રો, પ્રવાસ)

સાગરઃ- (સાગર કાંઠે / ______ ચાલતાં – ચાલતાં) રિદ્ધિ, આહા હા, જો તો ખરી આ મોજાં કેવાં ઊંચે – ઊંચે ઊછળે છે ! અને જો જળ / ____ નું એક ટીપું મારા મોંમાં ગયું ને લો મારું મોઢું ખારાશવાળું / ________ થઈ ગયું !

રિદ્ધિઃ- વાહ, મજા પડી ગઈ. મારા પગ નીચેથી પાણી અને રેતી સરર ....... કરતી સરકી રહી છે. મને કેવી ગલી–પચી થાય છે. તું પણ અહીં આવીને જો તો ખરો !

(સાગર પણ રિદ્ધિની સાથે પાણીમાં પગ બોળીને ઊભો રહે છે)

સાગરઃ- હા, ખરેખર, મને આવો અનુભવ પહેલી જ વાર / ________ થયો છે. મને તો એમ થાય છે કે મોટા થઈને અહીં જ મકાન / _______ બનાવું, રોજ દરિયાકિનારે ફરવા જવું. મજા પડી જાય.

રિદ્ધિઃ- હા હોં, હું રજાઓ / _______ માં, તારે ત્યાં આવીશ !

સાગરઃ- ચોક્કસ આવજે, અરે ! ચાલ ચાલ આપણા દોસ્તો / ________ તો બસમાં પણ બેસી ગયા. હજુ આપણે મુસાફરી / ________ માં બીજાં સ્થળો જોવાનાં બાકી છે.

**8. પ્રવૃત્તિ : શ્રવણ આધારિત પ્રવૃત્તિ તા. જૂથકાર્ય**

ધોરણ-7 ના ગુજરાતી પ્રથમ સત્રના પાઠયપુસ્તકના પાના નં.-26પરના કાવ્યની પંક્તિઓ તમારા શિક્ષક બોલે તેને ધ્યાનથી સાંભળો. ત્યારબાદ નીચેના પ્રશ્નોના જવાબ જૂથમાં ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

(કાલ સુધી રહેતા તા.......... ગહેકું રે પાનમાં)

શ્રુતલેખન કરેલ ફકરાને ઢાંકી દેવાની સૂચના આપી જૂથમાં વિદ્યાર્થીઓને આ પ્રમાણેના પ્રશ્નો ક્રમશઃ- પૂછો.

1. 'રાન' – જેવા ઉચ્ચારવાળા બીજા ચાર શબ્દો નોંધો. દા. ત. – રાન – કાન
2. 'ઝરણાં' – જેવા અન્ય પાણીના સ્રોતોનાં નામ લખો.

3. પક્ષીનું ટહુકવું તો.

ગાયનું ____________ સિંહનું ____________

ઘોડાનું ____________ હાથીનું ____________

4. નળિયાવાળી ઝૂંપડીનું ચિત્ર દોરો.

## 9. પ્રવૃત્તિ : કહેવતો તા. જોડીકાર્ય

નીચે ત્રણ કહેવતો આપેલ છે. જોડીમાં તેનો અભ્યાસ કરી કઈ – કઈ કહેવતના અર્થ સાચા છે તે જણાવો. શા માટે ?

(અ)

1. માતે મા
2. પારકી મા કાન વીંધે
3. ગોળ વિના મોળો કંસાર,
   મા વિના સૂનો સંસાર

(બ)

1. અધૂરો ઘડો છલકાય ઘણો
2. ગાગરમાં સાગર
3. ખાલી ચણો વાગે ઘણો.

(ક)

1. પરિશ્રમ એ જ પારસમણિ
2. મહેનતનાં ફળ મીઠાં
3. ઝાઝા હાથ રળિયામણા

## સત્તરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : લાંબું-લાંબું તા. જૂથકાર્ય

પહેલા અને છેલ્લા શબ્દ વચ્ચે ક્રમિક એક – એક નવા શબ્દો ઉમેરી નાનાથી મોટાં પાંચ વાકયો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ:- આજે ______ વરસાદ પડયો.

1. આજે સવારે વરસાદ પડ્યો.
2. આજે સવારે અમદાવાદ શહેરમાં વરસાદ પડયો.
3. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વરસાદ પડયો.
4. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડ્યો.
5. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

1. મેં__________સમાચાર વાંચ્યા.

1. ____________________
2. ____________________
3. ____________________
4. ____________________
5. ____________________

### 2. પ્રવૃત્તિ : ચિત્ર પરથી પ્રશ્નોત્તરી તા. વ્યક્તિગતકાર્ય

- ધોરણ – 7 હિન્દી (દ્વિતીય સત્ર) પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર આપેલા ચિત્રનું અવલોકન કરી અનુમાનના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

1. હિન્દી પુસ્તકનું નામ ઉલ્લાસ કેમ રાખવામાં આવ્યું છે ?
2. પાણી ભરીને આવતી સ્ત્રીઓને દીકરો શું કહેતો હશે ?
3. માતાને પોતાના દીકરાને જોઈ કેવી ભાવના પેદા થતી હશે ?
4. દાદીમાનું ચિત્ર શું કહેવા માગે છે ?
5. ચિત્રમાં દેખાતા કૂવામાં પાણી કેટલું ઊંડું હશે ?
6. ચિત્રમાં બીજા નંબરની સ્ત્રી શું વિચારતી હશે ?

**3. પ્રવૃત્તિ : ચાલો, રસોડામાં જઈએ તા. જૂથકાર્ય**

સામગ્રીનો ઉપયોગ કરી ચર્ચા કરો. નવી વાનગી બનાવી તેની રીત નોંધો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

સામગ્રીઃ- ચણા, ટામેટાં, ડુંગળી, દહીં, લીલાં મરચાં, કોપરું, બાજરીનો લોટ

- જરૂરી મસાલા, તેલ, મીઠું

**4. પ્રવૃત્તિ : શબ્દકુટુંબ તા. જૂથકાર્ય**

શબ્દની કુટુંબશ્રેણીમાં આવતા અન્ય શબ્દોની જૂથમાં ચર્ચા કરી નોંધો. વર્ગ સમક્ષ દરેક જૂથ શબ્દકુટુંબ રજૂ કરે.

ઉદા. શાળા – બ્લેકબોર્ડ, રામહાટ, શિક્ષક, વિદ્યાર્થી, આચાર્ય, મેદાન, પ્રાર્થનાખંડ, પાણીની ટાંકી, વર્ગખંડ, શૌચાલય.

1. મોબાઈલઃ-

2. ક્રિકેટઃ-

3. સજીવઃ-

4. સંખ્યાઃ-

5. ગ્રંથાલયઃ-

**5. પ્રવૃત્તિ : શબ્દપૂર્તિ    તા.    જોડીકાર્ય**

આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલીજગ્યા પૂર્તિ કરી વર્ગ સમક્ષ આરોહ – અવરોહપૂર્વક વાચન કરો.

(જિલ્લા, નદી, ઉત્તર, પશ્ચિમ, બાંધકામ, તેમાં, સદી, વિશાળ, મૂર્તિ, એંશી, ઊંચાઈ, મંદિર, છ, શિખર)

જામનગર ________ માં ગુજરાતના __________ દરિયાકાંઠે વિખ્યાત યાત્રાધામ દ્વારકા આવેલું છે. ભારતનાં પ્રસિદ્ધ ચાર યાત્રાધામોનું આ હરિધામ ગોમતી _____ ના __ ________ કિનારે આવેલું છે. તેનું __________ તેરમી _____ નું છે. _____ ભગવાનની ચતુર્ભુજ _________, ગર્ભગૃહ, ________ સભાગૃહ તથા મહામંડપનો સમાવેશ થાય છે. અંદાજે ______ પગથિયાં જેટલી _________પર આવેલું આ _____ __ છે. આ મંદિરને _________ માળવાળું શિખર છે.

**6. પ્રવૃત્તિ : ચાલો, શોધીએ    તા.    જૂથકાર્ય**

સૂચનાઃ- વિજ્ઞાન અને ટેકનોલોજી પાન નં.-11 ના આપેલ ફકરામાંથી જૂથમાં ચર્ચા કરી એવા શબ્દો નોંધો જે શબ્દોના સમાનાર્થી તમને આવડતા હોય અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ફકરોઃ- તમે પ્રકરણ-1 માં અભ્યાસ .................................... વપરાશ વગેરેનો સમાવેશ થાય છે.

ઉદા. વનસ્પતિ – વૃક્ષ

**7. પ્રવૃત્તિ : શબ્દાર્થ મુજબ વાકય    તા.    જોડીકાર્ય**

શબ્દનો અર્થ સૂચવતું વાકય શોધો

1. મંગળઃ- [ ]
   i. શુભ રાશિ છું
   ii. શુભ પ્રસંગે ગવાતું ગીત.
   iii. એક ઉપગ્રહ છું
2. મલપતુંઃ- [ ]
   i. મળતાવડા સ્વભાવવાળું

ii. ધીમે ધીમે મસ્તીથી હસતું

iii. ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું

3. ગહેકવું:- [ ]

i. સામા પક્ષીને સંદેશો પહોંચાડવા પંખીનું બોલવું

ii. આનંદની મસ્તીમાં આવી પંખીનું જોરથી બોલવું

iii. પંખીઓનો કલરવ

4. આર્ત સ્વર:- [ ]

i. કાનને ગમે એવો અવાજ

ii. દુ:ખભર્યો અવાજ

iii. સહજ ઉચ્ચારણવાળો અવાજ

5. અખિલાઈ:- [ ]

i. સહજતા

ii. સમગ્રતા

iii. અખિલ

6. આશકા:- [ ]

i. દવા તરીકે કામ લાગતા છોડ

ii. ઓશીકા પર મૂકેલું

iii. ગોડ – છોડની આસપાસની માટીને ખોદવી

7. જિહ્વાગ્રે:- [ ]

i. જીભ નીચે

ii. જીભ ઉપર

iii. જીભને ટેરવે

8. શોફર:- [ ]

i. સોફા ઉપર મૂકેલું

ii. અંગત ઉપયોગમાં આવતો ડ્રાઈવર

iii. શોખ પૂરા કરનાર.

જોડી દીઠ કોઈ એક વિદ્યાર્થી શબ્દ અને તેના અર્થ વર્ગ સમક્ષ રજૂ કરો.

## 8. પ્રવૃત્તિ : શબ્દકુટુંબ પરથી લેખન તા. જોડીકાર્ય

- અગાઉ તમે લખેલા કોઈ પણ એક શબ્દકુટુંબના શબ્દોનો ઉપયોગ કરી જૂથમાં ફકરો બનાવી વર્ગ સમક્ષ રજૂ કરો અને તેને એક શીર્ષક આપો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 9. પ્રવૃત્તિ : બુદ્ધિ કસો તા. જોડીકાર્ય

અંગ્રેજીના મૂળાક્ષરને આપેલ નંબર પ્રમાણે ગણીને નીચે આપેલ કોયડા ઉકેલો.

1. Aને 1 નંબર અને Z ને 26નંબર આપતાં "ATTITUDE"શબ્દનો સરવાળો કેટલો થશે?
2. Bને 3 નંબર આપતા YELLOWશબ્દનો સરવાળો કેટલો થશે ?

# અઢારમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દ કુટુંબ તા. જૂથકાર્ય

શબ્દની કુટુંબશ્રેણીમાં આવતા અન્ય શબ્દોની જૂથમાં ચર્ચા કરી નોંધો. વર્ગ સમક્ષ દરેક જૂથ શબ્દકુટુંબ રજૂ કરશે.

ઉદા. શાળાઃ- શિક્ષક, વિદ્યાર્થી, વાલી, પુસ્તક, વર્ગખંડ, ચૉક, ડસ્ટર, ટેબલ, ખુરશી, યુનિફોર્મ, અક્ષયપાત્ર, કમ્પ્યૂટર લેબ.

1. કમ્પ્યૂટરઃ-

2. શહેરઃ-

3. ફિલ્મઃ-

4. મોટરસાઈકલઃ-

5. પર્વતઃ-

## 2. પ્રવૃત્તિ : શબ્દ કુટુંબ પરથી લેખન   તા.   જૂથકાર્ય

તમે લખેલા કોઈ પણ એક શબ્દકુટુંબના શબ્દોનો ઉપયોગ કરી જૂથમાં ફકરો બનાવી વર્ગ સમક્ષ રજૂ કરો અને તેને એક શીર્ષક આપો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 3. પ્રવૃત્તિ : ચાલો, શોધીએ   તા.   જોડીકાર્ય

સામાજિક વિજ્ઞાન (પ્રથમસત્ર) પાન નં. – 38 પર આપેલા ફકરામાંથી એવા શબ્દો શોધો જેના વિરુદ્ધાર્થી શબ્દો તમને આવડતા હોય. જૂથમાં ચર્ચા કરી તે શબ્દ અને તેનો વિરોધી શબ્દ વર્ગ સમક્ષ રજૂ કરો.

ફકરો:- નદીઓનાં સમતલ મેદાનોના ................................. ખનીજ ભંડાર કહેવાય છે.

ઉદા:- દક્ષિણ x ઉત્તર

## 4. પ્રવૃત્તિ : વાક્ય પરિવર્તન   તા.   જોડીકાર્ય

રેખાંકિત શબ્દને સ્થાને કૌંસમાં દર્શાવેલ શબ્દનો ઉપયોગ કરી વાક્યપરિવર્તન કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

1. એક <u>છોકરો</u> બોલી ઊઠયો. (છોકરી)
2. મારો <u>ભાઈ</u> બગીચામાં રમતો હતો. (બહેન)
3. <u>ઝરણું</u> સમુદ્ર તરફ જતું હતું (નદી)
4. <u>તું</u> તારી રીતે જ જજે. (તમે)
5. દિલ્હીમાં <u>હું</u> પહેલવહેલો જાઉં છું (અમે)

## 5. પ્રવૃત્તિ : વાંચે તે વિકસે તા. જૂથકાર્ય

- જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ વિશે જૂથમાં ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

વાંચીએ અને આગળ વધીએ .....

વાંચનપરબ

હિતોપદેશ પંચતંત્ર

તમામ વિદ્યાર્થીઓને આમંત્રણ છે.

આવો, વાંચો – વિચારો અને વિકસો.

દર રવિવારે આપણી શાળાના પુસ્તકાલયમાં

સમય:-છોકરીઓ માટે સવારે 9:00 થી 10:00

છોકરાઓ માટે સવારે 10:30 થી12:00

સ્થળ : - પ્રાથમિક શાળા, કરમસદ

જિ. આણંદ, ગુજરાત

નોંધ:- ગામના લોકો માટે પણ વાચન પરબ ખુલ્લી રહેશે.

પ્રશ્નો:-

1. આપેલ લખાણ શેનું છે ?
2. વાચનપરબમાં કોણ – કોણ આવી શકશે ?
3. ગામની સ્ત્રીઓને વાચન માટે આવવું હોય તો કયા સમયે આવશે ?
4. વાચનપરબની પ્રવૃત્તિ કયા ગામમાં ચાલે છે ?
5. પુસ્તક પરબમાં આવવાથી કેવા – કેવા પ્રકારના લાભ થશે ?

## 6. પ્રવૃત્તિ : જંગલની મુલાકાત તા. જૂથકાર્ય

તમારા વિજ્ઞાન પાઠયપુસ્તકના પેજ નંબર-206 પર આપેલ ફકરો "એક સાંજે ........પ્રોફેસર અહેમદ સાથે તેની મુલાકાત લેવાનું નક્કી કર્યું." વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. જંગલો લીલાં ફેંફસાં છે ? કેવી રીતે ?
2. જંગલ એ કુદરતનું જળશુદ્ધીકરણ તંત્ર છે ? કેવી રીતે ?
3. "શહેરના લોકો જંગલના વિસ્તારને સાફ કરી ફેકટરી બનાવવા માગતા હતા." શહેરીઓના આ મત સાથે આપ સંમત છો કે અસંમત કારણ સાથે જણાવો.
4. પ્રોફેસર અહેમદે શહેરના લોકોના ઉપરના મતનો વિરોધ કર્યો ? શા માટે ?

## 7. પ્રવૃત્તિ : પ્રશ્નોત્તરીની મજા તા. જૂથકાર્ય

જૂથનેતા એક પ્રશ્ન પૂછશે અને જૂથ સભ્યોએ તેના એક કરતાં વધારે રમૂજી ઉત્તર આપશે.

ઉદા.

1. શિયાળામાં બધા ગરમ પાણીથી કેમ નહાય છે ?

   જવાબ – 1 નળમાંથી ગરમ પાણી આવે છે.

   જવાબ – 2 ઠંડું પાણી મળતું નથી.

   જવાબ – 3 મેથીપાકથી શરીર ગરમ રહે છે.

ઉદા.

2. રવિવારે રજા શા માટે હોય છે ?

   જવાબ – 1 અઠવાડિયું રવિવારથી શરૂ થાય તે માટે

   જવાબ – 2 રવિવાર સૂર્યનો વાર છે આપણે સૂર્યમંડળમાં છીએ.

   જવાબ – 3 રસગુલ્લાં રવિવારે જ ખાવા મળે છે.

## 8. પ્રવૃત્તિ : ઉખાણાં તા. સમૂહકાર્ય

- વાંચો, વિચારો અને વર્ગ સમક્ષ તમારો જવાબ રજૂ કરો.

1. પપ્પા જજો જલદી પાટણ,
   લાવજો હળદર ને હિંગ,
   એક વસ્તુ એવી લાવજો,
   માથે હોય ચાર શિંગ. ......................
2. વાયુ અડકે ડોલતી,
   કોઈ અડે શરમાતી,
   લીલી ઝીણી પત્તી મારી,
   ફરીને ઊભી થાતી. ......................
3. લાલ - પીળો ગરમ ગોળો,
   ધરતીને પોષતો ગોળો,
   પૃથ્વીનું જીવન છે ગોળો,
   બોલો, ભાઈ ઝટપટ બોલો. ......................

## 9. પ્રવૃત્તિ : વ્યાખ્યા પરથી શબ્દ લખો તા. જૂથકાર્ય

વિદ્યાર્થીમિત્રો, નાના જૂથમાં વિભાજિત થઈ આપેલાં વિધાનો વાંચો અને ત્યારબાદ જૂથમાં ચર્ચા કરી તે વિધાનને આધારે શબ્દ લખો.

1. હું બે વાકયો કે બે શબ્દોને જોડું છું. ________
2. હું છું રુધિરનું કણ, હું છું રુધિરનું સંરક્ષણ. _________
3. હું વ્યક્તિ, વસ્તુ કે પદાર્થની ઓળખ કરતો શબ્દ છું. ________
4. રાતા રાતા રતનજી માથે લીલાં પાન
   મૂળાનો તો સગોભાઈ અથાણામાં તો માન. ________
5. કાળી - ભૂરી કાબરી નગરી જોતી જાય. _____
6. હું હૃદયમાંથી ઓકિસજનયુકત રુધિર શરીરના વિવિધ ભાગો તરફ લઈ જાઉં છું. _____

જૂથ દીઠ કોઈ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરે.

# ઓગણીસમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વાક્ય બનાવો  તા.  વ્યક્તિગતકાર્ય

બંને શબ્દો આવે તેવી રીતે વાકય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદા. નદી, કેડી.

વાક્યઃ- નદી પાસે સુંદર કેડી છે.

1. સૂર્ય, વરસાદ.
2. પૌષ્ટિક, શરીર
3. સુંદર, ભયંકર
4. ભીનું, ડગલું
5. સુખ, આરોગ્ય


## 2. પ્રવૃત્તિ : વાક્યપરિવર્તન  તા.  જોડીકાર્ય

- રેખાંકિત શબ્દને સ્થાને કૌંસમાં દર્શાવેલ શબ્દનો ઉપયોગ કરી વાક્યપરિવર્તન કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.


1. આ છોકરી મારી પૌત્રી છે. (દાદી)
2. તે સાચું બોલે છે. (જૂઠું)
3. મારા પાંચ ભાઈઓમાંથી એક જ બી.એ. સુધી પહોંચી શકયો (એક)
4. વાંક મારોને સજા બીજાને થાય છે. (બીજાનો)
5. મેં મનમાં વિચાર કરેલો. (તેં)

## 3. પ્રવૃત્તિ : ભૂમિતિ સમજીએ  તા.  નાનું જૂથકાર્ય

- ગણિતના પાઠ્યપુસ્તકના પાન નં. 13 પર આપેલ 'કોઈપણ એક જ અંત્યબિંદુ (તેનું શરૂઆતનું બિંદુ) હોય છે'. ફકરો વાંચો અને પ્રશ્નોના ઉત્તર ચર્ચા કરી વર્ગ સમક્ષ રજૂ કરો.
- આ આકૃતિમાં 4 રેખાખંડ છે. (i) $\overline{DA}$ (ii) $\overline{DB}$ (iii) $\overline{BC}$ (iv) $\overline{DC}$



- હવે આ આકૃતિમાં કુલ કેટલા રેખાખંડ છે તે કહો અને તે દરેક અલગ અલગ નામથી દર્શાવો.



1. આપેલા રેખાખંડના ત્રણ ટુકડા કરીએ તો મળતા ટુકડાઓ માટે કુલ કેટલાં અંત્યબિંદુઓ મળે?





2. 

ઉપરોક્ત આકૃતિમાં બન્ને અંત્યબિંદુઓને કોઈ એક જ દિશામાં અનંત તરફ આગળ બતાવીએ તે કઈ આકૃતિ મળે ?

(A)રેખા (B)કિરણ (C)રેખાખંડ

3. લીમડી ગામે ગાડી મલી – આ વિધાનને ડાબેથી જમણે અને જમણેથી ડાબે - એમ વાંચીએ તો બન્ને વખતે અંતિમ સ્થાન પર મળતો અક્ષર કયો ?
4. સૂચના મુજબ ☐માં આકૃતિ બનાવો.
   - A. જેમાં છેવાડા પરનું માત્ર એક જ બિંદુ અંત ન આવે એ રીતે એક દિશામાં આગળ વધતું હોય.☐
   - B. જેમાં છેવાડા પરનાં બન્ને બિંદુઓ અંત ન આવે તે રીતે બન્ને દિશામાં આગળ વધતાં હોય. ☐
   - C. જેમાં છેવાડા પરનાં બન્ને બિંદુઓ પોતાના સ્થાન પર જ રહેતાં હોય.☐
5. આકૃતિમાં ઉદ્ભવબિંદુ કયું?
6. કઈ આકૃતિ માટે ઉદ્ભવબિંદુ, અંત્યબિંદુ અને શરૂઆતનું બિંદુ - ત્રણેય એક જ હોય.☐ માં ✓ કરો.



## 4. પ્રવૃત્તિ : કોણ બોલ્યું હશે ? તા. જૂથકાર્ય

પ્રથમસત્ર ગુજરાતી પાઠયપુસ્તકના પાઠ-4'બે ખાનાંનો પરિગ્રહ' વાંચી જૂથમાં ચર્ચા કરી નક્કી કરો કે આ વાકયો કોણ બોલ્યું હશે. તે લખો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

1. બાપુ, તમે વિમાનમાં આવજો. તમને તકલીફ ન પડે માટે _________
2. બાપુ, તમે ચિંતા ન કરો, એ લોકો માટે બીજી વ્યવસ્થા કરી દઈશ. _________
3. તું મારી પૌત્રી છેઃ પણ મારે તને બગાડવાની નથી. _________
4. ટ્રેનમાં મારું કામ કરીશ, હું વિમાનમાં નહીં આવું. _________
5. બાપુ, તમને આરામ નહીં મળે એવું વિચારી મેં બે ખાનાં રાખ્યાં હતાં. ______

## 5. પ્રવૃત્તિ : વાંચો અને નોંધો તા. વ્યક્તિગતકાર્ય

રેખાંકિત શબ્દોને સ્થાને કૌંસમાં આપેલા તેના વિરુદ્ધાર્થી શબ્દોમાંથી યોગ્ય શબ્દ / વિકલ્પ મૂકી ફરીથી વાંચો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

(મોંઘા, આનંદ, નવા, ભુલાઈ ગયું, મંજૂર, સાચું, પહેરીને, લઈ, સ્નેહ, પછી, સારો)

જ્યારે – જ્યારે <u>જૂના</u> બૂટની મારી માગણી <u>નામંજૂર</u> થતી ત્યારે – ત્યારે અહીં વર્ણવેલાં બધાં દ્રશ્યો ફરી – ફરી અચૂક ભજવાતાં. વારના નામમાં ફેર પડે, પણ વાયદાની રીતમાં ફેર ન પડે. આજે ધક્કા ખાધાનું દુઃખ <u>યાદ રહી ગયું</u> છે. બૂટ મળ્યા વખતનો <u>શોક</u> યાદ રહ્યો છે. દુદામામાનો <u>નફરત</u> નીતરતો અવાજ હજુય કાનમાં પડઘાયા કરે છે : "એમ કર ભાણા, સોમ, મંગળ અને જો બુધવાર પણ જાવા દે. એમ કર, ગુરવારે <u>આપી</u> જજે, વાર પણ <u>નરસો</u> ગણાય." આજે નવા બૂટ લેવાના થાય છે, ત્યારે આ સ્નેહભીનો અવાજ અચૂક યાદ આવે છે. <u>ખોટું</u> કહું છું, આજે <u>સસ્તા</u> બૂટ પહેરતાંય એટલો આનંદ નથી થતો જેટલો આનંદ દુદામામાએ અનેક વાયદા <u>પહેલાં</u> સીવી આપેલ બૂટ <u>ઉતારીને</u> થતો ! (સજ્જન મિત્રોના સંગાથે)

## 6. પ્રવૃત્તિ : શોધો અને નોંધો તા. જૂથકાર્ય

જૂથમાં બેસી માગ્યા પ્રમાણેની દરેક વિગતો વિશે ચર્ચા કરી નોંધ કરો.

1. કવિના નામઃ- __________, ______________, ______________, ____
   __________, ______________, ______________, ______________
2. સંબંધો દર્શાવતાં નામઃ- ______________, ______________, _________
   _____, ______________, ______________, ______________

3. જુદા – જુદા હોદ્દાનાં નામઃ ____________, ____________, ________
______, ____________, ____________, ____________, ____
________, ____________, ____________, ____________,
____________, ____________

4. વૈજ્ઞાનિકોનાં નામઃ- ____________, ____________, ____________,
____________, ____________, ____________

દરેક જૂથમાંથી કોઈ એક વિદ્યાર્થી નોંધની વિગતો રજૂ કરો.

**7. પ્રવૃત્તિ : શબ્દ ઉમેરી નાનાં વાક્ય મોટાં કરો. તા. જૂથકાર્ય**

સૂચનાઃ- પહેલા અને છેલ્લા શબ્દ વચ્ચે ક્રમિક એક – એક નવા શબ્દો ઉમેરી નાનાથી મોટાં પાંચ વાકયો બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણઃ- આજે ______ વરસાદ પડયો.

1. આજે સવારે વરસાદ પડ્યો.
2. આજે સવારે અમદાવાદ શહેરમાં વરસાદ પડયો.
3. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વરસાદ પડયો.
4. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડ્યો.
5. આજે સવારે અમદાવાદ શહેરમાં ચાર કલાક સુધી વીજળીના ગડગડાટ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

- આપણે______ઘર બાંધીએ.

1. ____________________________________________
2. ____________________________________________
3. ____________________________________________
4. ____________________________________________
5. ____________________________________________

**8. પ્રવૃત્તિ : શબ્દ સાથે વાક્ય જોડો** **તા.** **જૂથકાર્ય**

કૌંસમાં આપેલા શબ્દો અને બોકસમાં આપેલાં વાકયોની જોડી બનાવો.

(પેટાળ, રાણકી વાવ, ગર્ભગૃહ, ટપક સિંચાઈ)

1. પાણીના વ્યવસ્થાપન માટેનું ઉત્તમ ઉદાહરણ છે.
2. મંદિરમાં મૂર્તિનું સ્થાન આ ભાગમાં થાય છે.
3. ઊંડા ઊંડા સાગરમાં કેટલોય ખજાનો સચવાયેલો છે.
4. પાણીના ઉપયોગની ઘણી સારી રીત છે.

**9. પ્રવૃત્તિ : ઉખાણાં** **તા.** **સમૂહકાર્ય**

વાંચો, વિચારો અને વર્ગ સમક્ષ તમારો જવાબ રજૂ કરો.

1. પીળું પીળું પચરંગી,
   ગીરમાં એનું નામ,
   ઊંધા સાથે ઘર બનાવે,
   કારીગરી એનું કામ. .......................
2. ઝીણાં ઝીણાં પાન મારાં,
   સુંગધથી ભરપૂર,
   કઢી, શાકની રાણી હું,
   દાળ થાય મશહૂર. .......................
3. નાની અમથી દડી,
   મોતીએ મઢી,
   રાજા કહે રાણીને,
   કહી દે તો ખરી. .......................

## વીસમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વાક્ય બનાવો ता. જોડીકાર્ય

બંને શબ્દો આવે તેવી રીતે વાકય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદા. પક્ષી, ખડક

વાકય:- ખડક પર પક્ષીએ રહેવાનું નક્કી કર્યું.

1. બતક, આકાશ
2. લોખંડ, કાટ
3. પોસ્ટ ઑફિસ, ડૉકટર
4. દ્રાવણ, મોરથૂથુ
5. સરગવો, સ્વાસ્થ્ય

### 2. પ્રવૃત્તિ : કોણ બોલ્યું હશે ? ता. જૂથકાર્ય

ગુજરાતી પાઠયપુસ્તક (પ્રથમ સત્ર) ના પાઠ-7'જીવન પાથેય'નો પ્રથમ ફકરો અને કાવ્ય-8'માલમ હલેસાં માર' વાંચી જૂથમાં ચર્ચા કરી નક્કી કરો કે આ વાક્યો કોણ બોલ્યું હશે? આને વર્ગ સમક્ષ રજૂ કરો.

1. તમે આળસુના સરદાર છો. ________
2. આ શું યાર ? વાંક બીજાનોને સજા મારે ભોગવવાની ? ___________
3. તમે ઘણું જીવો ભાભી, તમારા જીભની ધાર પણ ઘણું જીવે. ________
4. દત્તુ, મારી ઈચ્છા નથી કે તું કૉલેજ કરે. ___________
5. સિંહલદ્વીપમાં જઈને સુંદર અને ગુણિયલ સ્ત્રી સાથે લગ્ન કરીશ. ___________

### 3. પ્રવૃત્તિ : ચાલો, રસોડામાં જઈએ ता. જૂથકાર્ય

સામગ્રીનો ઉપયોગ કરી ચર્ચા કરો. નવી વાનગી બનાવી તેની રીત નોંધો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

સામગ્રી:- કોબીજ, ગાજર, લીલાં મરચાં, ધાણા, ચણાનો લોટ, ઘઉંનો લોટ, બટાકા.

- જરૂરી મસાલા, તેલ, મીઠું

**4. પ્રવૃત્તિ : વાક્યપરિવર્તન ता. જોડીકાર્ય**

રેખાંકિત શબ્દને સ્થાને કૌંસમાં દર્શાવેલ શબ્દનો ઉપયોગ કરી વાકય પરિવર્તન કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

1. પુસ્તક અભરાઈ પર મૂકીએ તો વાંચી શકાતું નથી. (પગરખાં)
2. લોકો તેમનાં બાળકોના અભ્યાસ પાછળ ખૂબ જ ખર્ચ કરે છે. (હું)
3. તમે ૯૯% સાચા હો તો પણ ખોટા જ કહેવાઓ. (૧૦૦%)
4. બા દુઃખને ભૂલી જાય છે. (યાદ રાખવું)
5. સૂર્ય પૂર્વમાં ઊગે છે. (પશ્ચિમ)


**5. પ્રવૃત્તિ : ઉખાણાં ता. સમૂહકાર્ય**

વાચો, વિચારો અને વર્ગ સમક્ષ તમારો જવાબ રજૂ કરો.

1. એક જનાવર ઈત્તું, પૂંછડે પાણી પીતું,
   એનું માથું નાનું, કેડ એની ખબરદાર. ........................
2. સપ્તરંગી સાત વાંકા ભાઈ,
   આસમાન પર એ છવાઈ જાય,
   અર્ધ ગોળાકારે વળાંક લઈ,
   સૌના મનને મોહી જાય. ........................
3. ઝડપ કરતી જમનીબાઈ,
   ઝબક ચાલી જાય,
   જેના ઉપર પડતી તેને,
   ભસ્મ કરતી જાય. ........................

**6. પ્રવૃત્તિ : વાંચો, ચર્ચો અને કહો. ता. જૂથકાર્ય**

ફકરો ધ્યાનથી વાંચી પ્રશ્નોની ચર્ચા કરી જવાબ આપો અને જૂથ દીઠ કોઈ એક વર્ગ સમક્ષ ઉત્તર રજૂ કરો.





ત્રિકોણ એ ત્રણ રેખાખંડોથી બનેલો એક સાદો બંધ વક્ર છે. તેને ત્રણ શિરોબિંદુઓ, ત્રણ બાજુઓ અને ત્રણ ખૂણાઓ છે. જો ત્રિકોણની ત્રણેય બાજુઓનાં માપ સરખાં હોય તો તેને

સમબાજુ ત્રિકોણ કહે છે. જો ત્રિકોણની બે બાજુઓનાં માપ સરખાં હોય તો તેને સમદ્વિબાજુ ત્રિકોણ કહે છે. જો ત્રિકોણની ત્રણેય બાજુનાં માપ જુદાં–જુદાં હોય તો તેને વિષમબાજુ ત્રિકોણ કહે છે.


- જો ત્રિકોણના ત્રણ ખૂણા પૈકી કોઈ એક ખૂણાનું માન $90^0$ હોય તો તેને કાટકોણ ત્રિકોણ કહે છે.
- જો ત્રિકોણના ત્રણેય ખૂણાનાં માપ $90^0$ કરતાં નાનાં હોય તો તેને લઘુકોણ ત્રિકોણ કહે છે.
- જો ત્રિકોણના ત્રણ ખૂણા પૈકી કોઈ એક ખૂણાનું માપ $90^0$ કરતાં વધુ હોય તો તેને ગુરુકોણ ત્રિકોણ કહે છે.

પ્રશ્નો:-




1. આકૃતિમાં $\overline{QR}$ સામેના ખૂણાનું નામ શું ? ________
2. જો ત્રિકોણની ત્રણેય બાજુનાં માપ જુદાં-જુદાં હોય તો તેને કયો ત્રિકોણ કહેવાય ?

   ___________
3. $\Delta ABC$ માં $\overline{AB}$ = 5 સે. મી., $\overline{BC}$ = 5 સે. મી. અને $\overline{CA}$ = 4 સે. મી. છે તો કયા પ્રકારનો ત્રિકોણ કહેવાય ? ________
4. આકૃતિમાં દર્શાવેલ ત્રિકોણના પ્રકારનું નામ આપો.




.................. .................. ..................

**7. પ્રવૃત્તિ : મિનિટની મજા તા. જૂથકાર્ય**

સાતથી આઠ વિદ્યાર્થીઓના નાના જૂથમાં વિભાજિત થઈ કોઈ એક વિદ્યાર્થી આપેલ વિષય પર એક મિનિટ માટે મૌખિક રજૂઆત કરશે. ટાઈમ - કીપર વિદ્યાર્થી ટાઈમ નોંધશે. જો વકતા વિષય – વસ્તુ કે ભાષાકીય ભૂલ કરે તો ઓબ્જેકશન કહી વાંધો ઉઠાવશે, જૂથનેતાને વાંધો યોગ્ય જણાય તો તેનો સ્વીકાર કરી બાકીની સેકન્ડો વાંધો ઉઠાવનાર વિદ્યાર્થીને બોલવાનું કહેશે. વાંધો યોગ્ય ન હોય તો ઓવર રૂલ કહી વકતાનું વકતવ્ય આગળ ચલાવવા કહેશે.

વિષયનાં નામ :

આદર્શ શિક્ષક

મારો પ્રિય નેતા

પક્ષી

ખેલાડી

**8. પ્રવૃત્તિ : શબ્દ સાથે વાકય જોડો. તા. જોડીકાર્ય**

(ભૂમિતિના આકારો, સંસદ ભવન, હાઈકોર્ટ, પોલીસ તંત્ર)

કૌંસમાં આપેલા શબ્દો તથા બોક્સમાં આપેલાં વાક્યોની યોગ્ય જોડી બનાવો.

1. લોકતંત્રનું વડુંમથક છે. ☐
2. પાયાના ભૌમિતિક આકારો છે. ☐
3. ન્યાય આપતી સંસ્થા છે. ☐
4. આ તંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ કરે છે. ☐

જોડી દીઠ કોઈ એક વિદ્યાર્થી શબ્દ અને વાકયની યોગ્ય જોડીને વર્ગ સમક્ષ રજૂ કરો.

**9. પ્રવૃત્તિ : અક્ષર અને અંક તા. વ્યક્તિગતકાર્ય**

અંગ્રેજીના મૂળાક્ષરને ક્રમિક 1 થી 26 અંક આપો અને નીચેના શબ્દોનો સરવાળો મેળવો.

1. Good luck
2. Hard work

-: નોંધ :-

-: નોંધ :-